પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૭૩ • કુલ પાના : ૪ • તારીખ : ૧૭-૦૩-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભગવંત માને શહીદ ભગતસિંહના ગામમાં પંજાબના મુખ્યમંત્રી પદના શપથ લીધા

ચંડીગઢ,

ભગવંત માન પંજાબના ૧૭મા મુખ્યમંત્રી બન્યા છે. રાજ્યપાલ બનવારી લાલ પુરોહિતે ભગવંત માનને મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કરાવ્યા હતા. શપથગ્રહણ સમારોહમાં આમ આદમી પાર્ટીના કન્વીનર અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ સમગ્ર મંત્રીમંડળ સાથે હાજર રહ્યા હતા. આ દરમિયાન અરવિંદ કેજરીવાલ અને મનિષ સિસોદિયાએ પણ બસંતી પાઘડી પહેરી હતી. મોટી સંખ્યામાં સમર્થકો પણ બસંતી પાઘડી પહેરીને શપથગ્રહણ સમારોહમાં પહોંચ્યા હતા. શપથ લીધા બાદ માને સંબોધન કરતા કહ્યું કે શહીદોને માત્ર અમુક તારીખે જ કેમ યાદ કરવામાં આવે છે? આપણે દરરોજ તેમના દ્વારા બતાવેલ માર્ગ પર ચાલવું જોઈએ. માને આમ આદમી પાર્ટીના આગેવાનો અને કાર્યકરોને કહ્યું કે અભિમાન બિલકુલ ન કરવું જાઈએ. તેમણે કહ્યું કે મને આવા સમાચાર ન મળવા જોઈએ.

ભગવંત માને વધુમાં કહ્યું હતુ કે સમય અને જનતા મોટી વાત છે. તે માણસને જમીન પર લાવવામાં વિલંબ કરતા નથી. માને કહ્યું કે બેરોજગારી, ભ્રષ્ટાચાર, ખેતી, ધંધા, શાળા, હોસ્પિટલ દરેકને સુવ્યવસ્થિત કરીશું. તેમણે કહ્યું કે અહીં જ રહીને અમે પંજાબનું ભલું કરીશું.

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે ભગવંત માનને પંજાબના મુખ્યમંત્રી બનવા પર અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું, મને ખાતરી છે કે પંજાબમાં તમારા નેતૃત્વમાં સમૃદ્ધિ પાછી આવશે, ઘણી પ્રગતિ થશે અને લોકોની સમસ્યાઓમો ઉકેલ થશે. ભગવાન તમારી સાથે છે. માનને



૧૨.૩૦ વાગે શપથ લેવાના હતા. જો કે ભગવંત માન અને કેજરીવાલ ૫૦ મિનીટ મોડા પહોંચ્યા હતા. ખરાબ હવામાનને કારણે તેઓ ખટકડ કલાં સમયસર પહોંચી શક્યા નહતા, જે કારણે શપથ લેવામાં વિલંબ થતો હતો. આ સમારોહમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ સમગ્ર મંત્રીમંડળ સાથે હાજર રહ્યા હતા. ભગવંત માન પંજાબના ૧૭મા સીએમ બન્યા છે. જો કે કાર્યકાળ અનુસાર તેઓ પંજાબના ૨૫મા સીએમ છે.ભગવંત માનના શપથ ગ્રહણ સમારોહમાં અમેરિકાથી તેમની પુત્રી સીરત કૌર માન અને પુત્ર દિલશાન માન પણ ખટકડ કલાં પહોંચ્યા હતા.

માનનો શપથગ્રહણ સમારોહ શહીદ ભગત સિંહનું મૂળ ગામ, ખટકડ કલાંમાં યોજાયો હતો. અહીંથી ૨૦૧૧માં પંજાબના સફળ કોમેડિયન રહેલા ભાગવત માને પોતાના રાજકીય જીવનની શરૂઆત કરી હતી. પુરૂષો બસંતી પાઘડી અને મહિલાઓ દુપટ્ટા અથવા ચુદડી પહેરીને ખટકડ કલાં પહોંચ્યા હતા.

લોકો બસંતી રંગની પાઘડી પહેરીને ખટકડ કલાં પહોંચ્યા હતા. આ પહેલા ભગવંત માને લોકોને અપીલ કરી હતી કે પુરુષો બસંતી રંગની પાઘડી (પીળી પાઘડી) પહેરીને આવે અને મહિલાઓએ પીળો દુપટ્ટો પહેરીને આવે.શપથ લેતા પહેલા ભગવંત માને ટ્વીટ કર્યું હતું કે સૂર્યનું સોનેરી કિરણ આજે નવી સવાર લઈને આવ્યું છે. ખટકડ કલાંમાં લગભગ ૧૩ એકરમાં પંડાલ બનાવવામાં આવ્યો હતો જેમાં ૩ સ્ટેજ બનાવવામાં આવ્યા હતા. નવા મુખ્યમંત્રી ભગવંત માન અને રાજ્યપાલ બીએલ પુરોહિત પ્રથમ મંચ હતા. સીએમ અરવિંદ કેજરીવાલ અને તેમનું કેબિનેટ પણ હાજર રહ્યું હતુ. સુરક્ષા માટે લગભગ ૧૦,૦૦૦ જવાનો તહેનાત કરવામાં આવ્યા હતા. શપથ ગ્રહણ સમારોહ ૧૦૦ એકર જગ્યામાં બની રહ્યું છે. જેમાં ૪૦ એકરમાં પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી.એ યાદ રહે કે ભગવંત માન ૧૬ના આંકડાને પોતાના માટે લકી માને છે. ૧૬ મે ૧૯૯૨ના રોજ તેમની પ્રથમ કેસેટ 'ગોભી દિયા કચ્છિયે વ્યાકરણે આઈ' રિલીઝ થઈ હતી. ૧૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ માનની કોમેડી 'કુલ્ફી ગરમા-ગરમ' કેસેટ બહાર પડી હતી, જેના કારણે તેમને ખ્યાતિ મળી. રાજકીય દૃષ્ટિકોણથી, ૧૬ મે ૨૦૧૪ના રોજ માન પ્રથમ વખત સંગરુર બેઠક પરથી લોકસભા સાંસદ તરીકે ચૂંટાયા હતા. માનની આ પ્રથમ ચૂંટણીમાં વિજય ૧૬મી લોકસભાની ચૂંટણીમાં થયો હતો. માન આ વખતે ૧૬મી વિધાનસભા માટે સીએમ ચહેરા તરીકે ચૂંટણી લડ્યા હતા અને તેમની પાર્ટીને ૯૨ બેઠકો મળી હતી.ભગવંત માનના કેરિયરની શરૂઆત એક કોમેડિયનના રૂપમાં થઈ હતી અને તેમણે વર્ષ ૨૦૦૮માં કપિલ શર્માની સાથે ટીવી શો 'ધ ગ્રેટ ઈન્ડીયન લાફટર ચેલેન્જ'માં ભાગ લીધો હતો. આ શોથી ભગવંત માનને ખૂબ લોકપ્રિયતા મળી. કોમેડી સાથે-સાથે ભગવંતને એક્ટિંગમાં પણ ખૂબ રસ હતો અને તે ફિલ્મોમાં આવ્યા. તેમણે ફિલ્મ 'કચહરી' થી પોતાના કેરિયરની શરૂઆત કરી અને ૧૨ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું.

### આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હાજર રહ્યાં, ઈન્કલાબ ઝિંદાબાદના નારા લગાવાયા

## પંજાબ નેશનલ બેંકમાં વધુ એક લોન ફ્રોડનો મામલો

## બેંકે ITPCLના એનપીએ ખાતામાં રૂ. ૨,૦૬૦ કરોડની છેતરપિંડીનો અહેવાલ આપ્યો

ચેન્નાઈ,

પંજાબ નેશનલ બેંક (પીએનબી)માં વધુ એક લોન ફ્રોડનો મામલો સામે આવ્યો છે. આ લોન ફ્રોડ ૨૦૬૦ કરોડનું છે. બેંકે આઈએલએન્ડએસ તમિલનાડુ પાવર કંપની લિમિટેડ (આઈટીપીસીએલ)ના એનપીએ ખાતામાં રૂ. ૨,૦૬૦ કરોડની છેતરપિંડીનો અહેવાલ આપ્યો હતો. બેંકે કહ્યું કે તેણે પહેલાથી જ નિર્ધારિત નિયમો હેઠળ આ માટે ૮૨૪.૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.





બેંકે સ્ટોક એક્સચેન્જને મોકલેલી માહિતીમાં કહ્યું કે, "બેંક વતી કંપનીના ખાતામાં ૨૦૬૦.૧૪ કરોડ રૂપિયાની છેતરપિંડીની માહિતી આરબીઆઈને મોકલવામાં આવી રહી છે. બેંકે પહેલાથી જ નિર્ધારિત ધોરણો મુજબ રૂ. ૮૨૪.૦૬ કરોડની જોગવાઈ કરી છે.પંજાબ નેશનલ બેંકનો શેર ૨.૪૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૫.૯૦ પર બંધ થયો હતો. લગભગ એક મહિના પહેલા પંજાબ એન્ડ સિંધ બેંકે પણ ફેબ્રુઆરીમાં આઈટીપીસીએલને રૂ. ૧૪૮ કરોડની બાકી રકમ સાથે છેતરપિંડી ખાતું જાહેર કર્યું હતું. બેંકે સ્ટોક એક્સચેન્જોને મોકલેલી માહિતીમાં કહ્યું હતું કે, "જાણવામાં આવે છે કે આઈએલએન્ડએફએસ તમિલનાડુ પાવર કંપની લિમિટેડના એનપીએ એકાઉન્ટને છેતરપિંડી તરીકે જાહેર કરવામાં આવ્યું છે, જેના પર ૧૪૮.૮૬ કરોડ રૂપિયા બાકી છે. આ અંગે આરબીઆઈને જાણ કરવામાં આવી છે. દેવાથી લદાયેલી કંપની ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીઝિંગ એન્ડ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડે તમિલનાડુના કડાલુરુમાં થર્મલ પાવર પ્લાન્ટ સ્થાપવાના ઉદ્દેશ્ય સાથે તેના ઉર્જા પ્લેટફોર્મ આઈઈડીસીએલ હેઠળ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ તરીકે આઈટીપીસીએલની શરૂઆત કરી હતી.

એપ્રિલ ૨૦૨૦ સુધીમાં આઈટીપીસીએલ પર ધિરાણકર્તાઓને રૂ. ૬,૭૦૦ કરોડ અને આઈએલએન્ડએફએસ જૂથની કંપનીઓના રૂ. ૯૦૦ કરોડનું દેવું હતું.આઈએલએન્ડએફએસ દ્વારા નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલમાં સબમિટ કરવામાં આવેલા સોગંદનામામાં આ માહિતી આપવામાં આવી છે. આઈટીપીસીએલએ થોડા સમય પહેલા તેનું પુનર્ગઠન કરવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં કંપનીનો કેટલોક હિસ્સો તમિલનાડુ સરકારને વેચવાનો સમાવેશ થાય છે. જોકે આ પ્રયાસ સફળ થયો ન હતો.

## સુપ્રીમ કોર્ટ હોળીની રજા પછી હિજાબ પ્રતિબંધ સંબંધિત અરજીઓની સુનાવણી કરશે

નવીદિલ્હી,

કર્ણાટક હાઈકોર્ટના નિર્ણય બાદ હિજાબ પ્રતિબંધ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજીઓ દાખલ કરવામાં આવી છે. વરિષ્ઠ વકીલ સંજય હેગડેએ બુધવારે સુપ્રીમ કોર્ટ સમક્ષ આ મામલાની તાકીદે સુનાવણીની માંગ કરી હતી. જો કે, સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે હોળીની રજાઓ પછી સુનાવણી સંબંધિત અરજીઓની યાદી પર વિચાર કરશે. કોર્ટે સંજય હેગડેની તાત્કાલિક સુનાવણીની માંગ કરતી અરજીઓને ફગાવી દીધી હતી. હેગડેએ માંગ કરી હતી કે આ મામલે સોમવારે જ સુનાવણી કરવામાં આવે. જો કે, કોર્ટે કહ્યું છે કે તે હોળીની રજાઓ પછી સુનાવણી સંબંધિત અરજીઓને સૂચિબદ્ધ કરવા પર વિચાર કરશે. કર્ણાટક હાઈકોર્ટે ગઈ કાલે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે હિજાબ એ ઈસ્લામની ફરજિયાત ધાર્મિક પ્રથાનો



ભાગ નથી. તેણે વિદ્યાર્થિનીઓના હિજાબ પ્રતિબંધને લગતી તમામ અરજીઓ ફગાવી દીધી હતી.

હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારનાર વિદ્યાર્થીનીઓનું કહેવું છે કે અમને ન્યાય પ્રણાલીમાં વિશ્વાસ હતો. પરંતુ હાઈકોર્ટે આપેલો ચુકાદો અમારી સાથે અન્યાય છે. જો હિજાબ ઈસ્લામની ફરજિયાત ધાર્મિક પ્રથા ન હોત તો અમે સંઘર્ષ ન કર્યો હોત. અમે અહીં અમારા અધિકારો માટે શિક્ષણને જોખમમાં મૂકી રહ્યા છીએ. હિજાબ માટેની અમારી લડાઈ અહીં અટકશે નહીં.

ગયા વર્ષે ડિસેમ્બરમાં, કર્ણાટક, ઉડુપી અને મંડ્યાની કેટલીક શાળાઓમાંથી વિવાદ ફાટી નીકળ્યો હતો અને જાન્યુઆરી સુધીમાં આ મુદ્દો સમગ્ર કર્ણાટકમાં રાજકીય રીતે ફેલાઈ ગયો હતો. મુસ્લિમ છોકરીઓ હિજાબ પહેરીને શાળા અને કોલેજમાં આવવા લાગી, જ્યારે હિંદુ વિદ્યાર્થીઓ કેસરી દુપટ્ટા અને ગમછા પહેરીને આવવા લાગ્યા. આ બાબતે અનેકવાર તકરાર થઈ છે. મામલો ગરમ થતો જોઈને કર્ણાટક સરકારે ૫ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ એક આદેશ જારી કર્યો અને યુનિફોર્મ કોડ લાગુ કર્યો. મુસ્લિમ યુવતીઓએ આ આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. ૧૧ સુનાવણી બાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ઋતુરાજ અવસ્થી, જસ્ટિસ કૃષ્ણા દીક્ષિત અને જસ્ટિસ એમ ખાજીની ફુલ બેન્ચે આ મામલે પોતાનો ચુકાદો આપ્યો હતો. કોર્ટે કહ્યું કે હિજાબ ઈસ્લામનો ફરજિયાત ધાર્મિક ભાગ નથી. કોર્ટે કહ્યું કે વિદ્યાર્થીઓએ યુનિફોર્મનું પાલન કરવું પડશે. કોર્ટે કહ્યું કે આ મામલામાં છુપાયેલા હાથ આ મામલાને જન્મ આપી રહ્યા છે.

## સરકારની ક્રિપ્ટોકરન્સી દાખલ કરવાની કોઈ યોજના નથી : કેન્દ્ર

નવીદિલ્હી,

નાણારાજ્યમંત્રી પંકજ ચોધરીએ રાજ્યસભામાં જણાવ્યું કે નવેમ્બર ૨૦૧૬માં ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ કર્યા બાદ સરકારે ત્રણ મોટા હેતુ સિદ્ધ કર્યા છે. તેમણે કહ્યું કે સરકારના રેવન્યુ કલેક્શનમાં મોટો વધારો થયો છે સાથે ટેક્સનો વ્યાપ ઘણો વધ્યો છે અને આતંકી ભંડોળ અંકૂશમાં આવ્યું છે.

તેમણે કહ્યું કે ત્રણ મોટા કામ થયા છે (૧) સરકારના રેવન્યુ કલેક્શનમાં મોટો વધારો થયો (૨) ટેકસનો વ્યાપ વધ્યો (૩) આતંકી ભંડોળ બંધ થયું.

મિનિસ્ટર પંકજ ચોધરીએ કહ્યું કે સરકારની ક્રિપ્ટોકરન્સી દાખલ કરવાની કોઈ યોજના નથી. નાણા રાજ્યમંત્રી ચોધરીએ એવું જણાવ્યું કે સરકાર પેટ્રોલ અને ડીઝલના ભાવવધારાને લઈને સામાન્ય લોકોના હિતોની રક્ષા કરી રહી છે. તેમણે કહ્યું કે સરકાર હાલના વૈશ્વિક ઘટનાક્રમ પર નજર રાખી રહી છે અને જ્યારે પણ જનતાના હિતની રક્ષા કરવાનું જરુરી લાગશે ત્યારે સુનિયોજિત હસ્તક્ષેપ કરશે. તેમણે કહ્યું કે આમ આદમીના હિતોની રક્ષા માટે વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં વધારા છતા સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધાર્યા નથી.

## મહેસાણામાં કિશોરી પર દુષ્કર્મ ગુજારનાર આરોપીને ૨૦ વર્ષની કેદ

મહેસાણા,

મહેસાણા જિલ્લામાં અઢી વર્ષ અગાઉ પંથકની એક કિશોરીને સવારે સ્કૂલમાં જતી હતી એ દરમિયાન રસ્તામાં આરોપી વિશાલ બાબુજી ઠાકોરે રોકી તેણે ભોળવી નજીકમાં આવેલા ખેતરોમાં એક ઓરડીમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ ખેતરમાં આવેલા ઝાડીઓમાં પણ દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે કિશોરીને લાગી આવતા તેણે એસિડ પી આપઘાતની કોશિશ પણ કરી હતી. જોકે, સારવાર મળી રહેતા તેનો જીવ બચી ગયો હતો.

આ આરોપીને મહેસાણા કોર્ટે ૨૦ વર્ષની કેદની સજા સંભળાવી છે. આ કેસ મહેસાણા પોકસો કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ રેખાબેન જોષીની દલીલો અને પુરાવા આધારે સ્પેશિયલ પોકિસો જજ એ.એલ. વ્યાસે આ કેસના આરોપી વિશાલ બાબુજી ઠાકોરને ૨૦ વર્ષની કેદ અને ૫૦ હજાર દંડ જ્યારે ભોગ બનનાર ને ૧ લાખ ૫૦ હજાર વળતર ચૂકવવા આદેશ કર્યો હતો.

આ કેસમાં સરકારી વકલી રેખાબેન જોષીએ ભોગ બનનારનું ડીડી લેનાર મામલતદાર સહિત ૨૦ લોકોને તપાસવામાં આવ્યા હતા. જ્યારે ભોગ બનનારે મામલતદાર સમક્ષ આપેલા નિવેદન સહિત દસ્તાવેજ પુરાવા આરોપીને સજા કરવામાં મહત્વના પુરાવા સાબિત થયા હતા.

## સોમનાથમાં ગેરકાયદેસર માછીમારી કરી રહેલી ફિશીગ બોટ ઝડપાઈ

સોમનાથ,

સોમનાથ મંદિરની સામે દરીયામાંથી ફીશીંગ બોટને તેમજ મુળ દ્વારકાના દરીયામાંથી પીલાણી હોડીને સોમનાથ અને નવાબંદર મરીન પોલીસની જુદી જુદી ટીમોએ દરીયાઇ પેટ્રોલીંગ દરમિયાન ગેરકાયદેસર માછીમારી કરતી ઝડપી લીધી હતી. આ બન્ને બોટોમાં માછીમારી કરી રહેલા સાત જેટલા માછીમારોની અટક કરી મત્સ્યોદ્યોગ નિયમો મુજબ બે ગુનાઓ નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેને લઈ માછીમારોમાં ખળભળાટ મચી ગયો છે.

વિશ્વ પ્રસિદ્ધ સોમનાથ મંદિરના દરીયામાં ગેરકાયદેસર રીતે



માછીમારી કરતી બે બોટોને ઝડપી લેવામાં આવી છે. જિલ્લા મરીન પોલીસે દરીયાઈ સુરક્ષા બાબતે તંત્ર સર્તક હોવાની સાબિત સમાન કાર્યવાહી કરી છે. જે અંગે માહિતી આપતા સોમનાથ મરીનના પીઆઇ એન.જી. વાઘેલાએ જણાવ્યું કે, દરીયામાં અમુક બોટો કોઈપણ જાતની મંજૂરી વગર ફરી રહી હોવાની બાતમી મળી હતી. જેને લઈ પીએસઆઇ વી.આર.રાઠોડ, હે.કો.પ્રવિણ બામણીયા સહિતનો સ્ટાફ સરકારી સ્પીડ બોટમાં સોમનાથના દરીયામાં પેટ્રોલીંગ અર્થે જઈ મધદરીયે બોટોનું ચેકીગ કર્યુ હતું.

સોમનાથ મંદિરની સામેના દરીયામાં અંદાજે છ નોટિકલ માઈલ દુર માછીમારી કરી રહેલી નં.આઈએનડી જીજે ૩૨-એમએમ-૨૮૭૩ ઘનલક્ષ્મી નામની બોટ પાસે જઈ તેમાં રહેલા મહેન્દ્ર દીનુ મેઢા, રાહુલ લખુ કાકર, રાજેશ ચંદે બેગડા, હસમુખ મેઢા, સુનીલ વાંગડ સહિત પાંચ માછીમારો પાસે માછીમારી કરવા દરીયામાં જવા અંગેની પાસ પરમીટ, બોટ રજી.ના કાગળો તથા મુવમેન્ટ રજીસ્ટરની માંગણી કરી ચેક કર્યા હતા.

## ફેસબુકે સત્તાધારી પક્ષને જરૂરિયાત કરતાં વધુ સમર્થન આપ્યું હતું : સોનિયા ગાંધી

નવીદિલ્હી,

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ આજે લોકસભામાં ફરી એકવાર મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. આ સાથે સોનિયા ગાંધીએ આજે ફેસબુક અને ટ્વિટર જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ગંભીર આરોપ લગાવ્યો કે, તેઓ રાજકીય પક્ષોના વર્ણનને આકાર આપવાનું કામ પણ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે તે વારંવાર ધ્યાન પર આવ્યું છે કે વૈશ્વિક સોશિયલ મીડિયા કંપનીઓ તમામ પક્ષોને સમાન તકો પૂરી પાડી રહી નથી.

આ અંગે સોનિયા ગાંધીએ આજે લોકસભામાં કહ્યું હતું કે વોલ સ્ટ્રીટ જર્નલે તેના એક અહેવાલમાં જણાવ્યું હતું કે કેવી રીતે ફેસબુકે સત્તાધારી પક્ષને



જરૂરિયાત કરતાં વધુ સમર્થન આપ્યું હતું. આ જ દાવો અન્ય ઘણા સમાન અહેવાલોમાં પણ કરવામાં આવ્યો હતો. જેમાં એ પણ જણાવવામાં આવ્યું હતું કે ફેસબુકે પોતે જ પોતાના નિયમો તોડીને શાસક પક્ષ અને સરકારનો પક્ષ લીધો છે. તે જ સમયે, ખોટી માહિતી અને તથ્યોના કારણે દેશના યુવાનો અને વડીલોમાં નફરત ફેલાવવાનું જોરશોરથી કામ કરવામાં આવી રહ્યું છે. ફેસબુક કંપની આ વાત સારી રીતે જાણતી હોવા છતાં પોતાના ફાયદા માટે તેનો દુરુપયોગ થઈ રહ્યો છે.

સોનિયા ગાંધીએ કહ્યું કે, આવી કંપનીઓ ભારતની લોકશાહી અને સામાજિક સમરસતાને બગાડવાનું પણ ઘણું કામ કરી રહી છે. તેથી આપણે તેને સાચવવાની જરૂર છે. સોનિયાએ એવો પણ આરોપ લગાવ્યો કે આ બધું સરકારની મિલીભગતથી થઈ રહ્યું છે. આ સિવાય તેણે અન્ય અહેવાલોને ટાંકીને કોર્પોરેટ નેક્સસનો પણ ઉલ્લેખ કર્યો હતો. સોનિયાએ કહ્યું કે, આ તમામ પરિસ્થિતિઓ આપણા દેશ અને તેની લોકશાહી માટે ખૂબ જ ખતરનાક સાબિત થઈ રહી છે.

તેમણે લોકસભામાં ઝીરો અવર દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો અને કેટલાક આંતરરાષ્ટ્રીય મીડિયા જૂથોનો ઉલ્લેખ કરીને આરોપ લગાવ્યો કે શાસક પક્ષની મિલીભગતથી સોશિયલ મીડિયા કંપનીઓનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. સોનિયા ગાંધીએ કહ્યું કે લોકશાહીને 'હેક' કરવા માટે સોશિયલ મીડિયાનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું, 'સરકારને વિનંતી કરવામાં આવે છે કે તે વિશ્વની સૌથી લોકશાહીની ચૂંટણીની રાજનીતિ પર શાસક સ્થાપના સાથે જોડાણમાં ફેસબુક અને અન્ય સોશિયલ મીડિયા દ્વારા પ્રવર્તી રહેલા વ્યવસ્થિત પ્રભાવને સમાપ્ત કરે.' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશની લોકશાહી અને સામાજિક સમરસતાને સાચવવી પડશે.

**Baroda Gujarat Gramin Bank**
( Owned by : Govt. of India , Bank of Baroda & Govt. of Gujarat )
SCHEDULED BANK SPONSORED BY : BANK OF BARODA

Saliya-Santroad Branch | **Possession Notice** | Regionl Office : Godhra

(For Immovable Property)

Whereas
The undersigned being the authorized officer of the **BARODA GUJARAT GRAMIN BANK** under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act,2002 and in exercise of powers conferred under section 13(12) read with rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a demand notice dated 18-12-2021 calling upon the borrower **Shri Shivlal Satyanarayan Suthar** to repay the amount mentioned in the notice being **Rs.2125271.22/- (Rupees Twenty one Lakh Twenty Five Thousand Two Hundred Seventy one and Twenty two Paise only**) and interest thereon w.e.f. 01/12/2021 within 60 days from the date of receipt of the said notice.
The borrower having failed to repay the amount, notice is hereby given to the borrower and the public in general that the undersigned has taken **Symbolic Possession** of the property described herein below in exercise of powers conferred on him under sub-section (4) of section 13 of Act read with rule 8 of the security Interest Enforcement) Rules, 2002 on this the 14th day of March of the year 2022.
The borrower's attention is invited to provisions of sub-section(8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.
The borrower in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the Baroda Gujarat Gramin Bank, Saliya-Santroad Branch, for an amount of **Rs..2125271.22/- (Rupees Twenty one Lakh Twenty Five Thousand Two Hundred Seventy one and Twenty two Paise only**) and interest thereon.

**Description of the Immovable Property :**

**All that part and parcel of the property consisting of R.S.No.375 (Khata No. 329) Paiki Plot No. 73 & 74 Paiki Block No.1 of Shiv Residency & Plaza at village Piplod, Ta. Dev Baria Dist. Dahod**
**Boundries :**
**On the North : Society Road, Common plot, Dahod Godhra Highway**
**On the South : R.S. No. 506k/3**
**On the East : Admeasuring land 0.0.62 of said R.S. No. 506k/p1 after that house of Kalubhai Abhesinh**
**On the West : R.S. No.506k/2**

Place : Godhra
Date : 17.03.2022

sd/-
Authorised Officer
Baroda Gujarat Gramin Bank

**જાહેર નોટીસ**

**ગોધરાના મહેરબાન ત્રીજા એડીશનલ સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક. સાહેબશ્રી એ.ટી. તિવાડી સાહેબની કોર્ટમાં, ગોધરા**

જન્મ મરણ અરજી નંબર ૩૨/૨૦૨૨
અરજદાર તર્ફે વ.શ્રી એફ.આઈ. ચરખા
મુદ્દત તારીખ : ૧/૦૪/૨૦૨૨

અરજદાર : આબેદા શોકત કાચબા
રહે :– આશીયાના સોસચટી, બાટલીવાલા બોન,મીન પાસે, તા.ગોધરા, જી.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળા : ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા, ગોધરા, પંચમહાલ.
નગરપાલીકા, ગોધરા, પંચમહાલ.

આથી લાગભાગ, હકક હીત ધરાવાતા તામામ ઈસમોને જાહેર નોટીસથી જણાવવામાં આવે છે, કે અરજદાર નામે આબેદા શોકત કાચબા રહે.આશીયાના સોસચટી, બાટલીવાલા બોન,મીન પાસે, તા.ગોધરા, જી.પંચમહાલ નાઓએ પોતાના પિતાશ્રી હુસેન અબ્દુલસલામ ઉંમર કલંદરના મરણની નોંધણી સામાવાળાના દફતરે કરાવવા માટે ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે. હુસેન અબ્દુલસલામ ઉંમર કલંદર નું મૃત્યુ તા.૦૮/૦૮/૨૦૦૬ ના રોજ ગોધરા મુકામે થયેલ છે. તેઓની દફન વિધી શેખ ઘાંચી કબ્રસ્તાન ખાતે થયેલ છે. આથી જે કોઈ ઈસમોને/વાંધેદારોને ઉકત જન્મ નોંધ થવા/કરાવવા સામે વાંધો યા તકરાર હોય તો તમોએ વાંધા/પુરાવા સહીત અત્રેની અદાલતમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦માં વાંધા રજુ કરવા બીનચુક હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો વાંધો યા તકરાર નથી તેમ ગણી અરજદારનો પુરાવો યોગ્ય જણાશે તો ધોરણસરની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ. ૦૭ માહે માર્ચ સને ૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

તૈયાર કરનાર (ડી. એસ. શર્મા) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર (નિત્યાનંદ એસ. ફાર્મર) શીરસ્તેદાર | કોર્ટનો સિકકો | હુકમથી રીજીસ્ટ્રાર ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ગોધરા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર પોલીસે પેટ્રોલીંગ દરમિયાન કારમાં લઈ જવાતા દારૂના જથ્થા સાથે પાંચ ઈસમોને ઝડપ્યા એક CRPFના નિકળ્યો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
હાલ હોળી ધુળેટીના તેહવારોને ધ્યાને રાખીને મહિસાગર જીલ્લા પોલીસ અધિક્ષકની સુચનાઓને માર્ગદર્શન હેઠળ સંતરામપુર પોલીસે તાલુકામાં પેટ્રોલીંગ સખ્તાઈથી શરૂ કરેલ જોવાય છે અને ૧૫.૦૩.૨૨ના રોજ સાંજે સથાનિક પોલીસ સાંગાવાડા ગામ નજીક પ્રેટોલીંગમાં હોઈ તેને સંતરામપુર પોલીસ ઈન્સ્પેકટર મછારને મળેલ બાતમીના આધારે સંતરામપુર પોલીસ જે પેટ્રોલીંગમાં હતી. તેને જાણ કરેલ કે, ઊખરેલી તરફથી એક સફેદ કલરની વેગેનાર ગાડી નંબર. GJ.17.M.4661માં દારૂ ભરી લઈ જવાય છે. જેથી સાંગાવાડા પાસે સ્થાનિક પોલીસ દ્વારા નાકાબંધી કરાયેલ હતી.

સાંજે આશરે છ વાગ્યા પછી ઊખરેલી તરફથી બાતમી વાળી ગાડી આવતાં પોલીસે ઈશારો કરી ગાડી ઊભી રાખવાં કહેતાં ગાડી ચાલકે પકડાઈ જવાની બીકે ગાડી ઊભી રાખેલ નહીં અને ગાડી પૂરઝડપે સંતરામપુર રસ્તા પર હંકારી મુકેલ. જેથી પોલીસે આ ગાડીનો પીછો કરતાં ગાડી ચાલકે પકડાઈ જવાની બીકે ગાડી ગાડી સાંગાવાડા થી દુર આગળ રોડની સાઈડમાં ઊભી રાખીને ગાડી ચાલકને ગાડીમાં બેઠેલ અન્ય ચાર વ્યકિતઓ ગાડી માંથી ઉતરીને ભાગી જવાનો પ્રયાસ કરતાં સથાનિક પોલીસ દ્વારા આ પાંચેય આરોપીઓને ઝડપીપાડેલ અને વેગનાર ગાડીમાં સર્ચ કરતાં ગાડીની ડીકી માંથી પાસપરમીટ વગરનો પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂનો જથ્થો અંદાજે કીંમત રૂપિયા ૨૭,૫૪૦/– નો તથા ચાર મોબાઈલ ફોન જેની કિંમત રૂપિયા ૨૫,૦૦૦/–તથા વેગનાર ગાડી કિંમત આશરે રૂપિયા ૪.૦૦.૦૦૦/–નો મલી આ ગુનામાં પોલીસે કુલ રૂપિયા ૪,૫૨,૫૪૦/–નો મુદ્દામાલ કબજે કરી ને ઉપરોક્ત તમામ પાંચે આરોપીઓ વિરૂદ્ધ પ્રોહીબીશનનો ગુનો દાખલ કરેલ છે. અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. અને પકડાયેલ આરોપીઓના પોલીસ રીમાન્ડ મેળવવા માટેની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# મહિસાગર નાયબ વન સંરક્ષક દ્વારા સંતરામપુર ખાતે દવ સંરક્ષણની માહિતી અને તાલીમનું આયોજન કર્યુ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

સંતરામપુર,
મહીસાગર વન વિભાગ દ્વારા નાયબ વન સંરક્ષક મહીસાગરના અધ્યક્ષ પણા હેઠળ સંતરામપુર પશ્ચિમ રેન્જના વાંકા નાળા રેસ્ટ હાઉસ ખાતે દવ સંરક્ષણ અંગેની માહિતી તથા તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સંતરામપુર સબ ડિવિઝનની સંતરામપુર પશ્ચિમ, સંતરામપુર પૂર્વ, મુનપુર, ડીટવાસ રેન્જમાં આવેલ ૧૫૬ સહભાગી વન વ્યવસ્થા મંડળીના પ્રમુખ અને મંત્રીને આમંત્રણ આપી તેમજ એન.જી.ઓ. સભ્યો તથા આઈ.એમ.તાવિયાડ પ.વ.અ. સંતરામપુર પશ્ચિમ રેન્જ, જે.કે.સોલંકી પ.વ.અ. સંતરામપુર પૂર્વ રેન્જ, તેમજ મુનપુર અને ડીટવાસ રેન્જના પ.વ.અ. આ તમામ ફિલ્ડ સ્ટાફ સાથે રહી સદર તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નિવીલકુમાર ચૌધરીના.વ.સં મહીસાગર તથા આર.બી.પટેલ મ.વ.સં. મહીસાગર–૨ દવારા દવ સંરક્ષણ અંગેની માહિતી આપતાં લોક સહકાર દ્વારા જંગલનો વિકાસ કરી શકાય અને પર્યાવરણનું જતન કરી શકાય અને વન મંડળીઓને સક્ષમ બનાવવાના પ્રયોજન વ્યકત કરેલ હતા. સાથે–સાથે વન મંડળી પ્રમુખો દ્વારા પણ દવ સંરક્ષણ અંગેની માહિતી આપતાં કેટલાક મંતવ્યો રજૂ કરેલા હતા. આમ, એક દવ સંરક્ષણ વિશે સુંદર પરીસંવાદ કરવામાં આવેલ હતો.

# કડાણાના છત્રપુરા પ્રા.શાળામાં ઓરડાની સુવિધાના અભાવે ડેરીના પ્રાગણમાં બાળકો ભણવા મજબુર

કડાણા,
કડાણા તાલુકાના આંતરિયાળ વિસ્તારમાં આવેલ શાળાઓમાં શિક્ષણ વ્યવસ્થાના નામે મોટા છીંડા પુરવામાં શિક્ષણ વિભાગ નિષ્ફળ જોવા મળ્યુ છે. તાલુકામાં આવેલી છત્રપુરા શાળામાં શિક્ષણ વિભાગ દ્વારા બાળકોને બેસવા માટે ઓરડાની સુવિધા પુરી પાડવામાં નહિ આવતા ૪૦ બાળકો વિકટ પરિસ્થિતિમાં અભ્યાસ મેળવવા દુધ ડેરીના પ્રાગણમાં બેસવા માટે મજબુર બન્યા હતા. જયારે તાલુકા અને જિલ્લા શિક્ષણાધિકારી આ બાબતે અજાણ જોવા મળ્યુ હતુ.

છત્રપુરા ગામમાં આવેલ દુધ ડેરીમાં ચાલતી પ્રા.શાળામાં શિક્ષણ વિભાગની ડેરીની નાનકડી ઓરડીમાં અભ્યાસ ચાલે છે. છત્રપુરા પ્રા.શાળામાં અભ્યાસ મેળવવા આવતા બાળકોને બેસવા માટે શિક્ષણ વિભાગ ઓરડાની વ્યવસ્થા ઉભી કરવામાં નિષ્ફળ રહેતા પાછલા ૭ વર્ષથી ધોરણ–૧ થી ૫ના ૪૦ બાળકોને નાનકડી એવી દુધડેરીની ઓરડીમાં બેસાડવામાં આવે છે. જયાં અમુક સમય બાળકોને બેસવાની પુરતી જગ્યા ન મળતા ઘણા સમય ડેરીની બહાર રસ્તા ઉપર બેસવુ પડે છે. જયાં શાળામાં અભ્યાસ કરતા આચાર્ય તેમજ શિક્ષકો પણ મજબુર વશ શિક્ષણ વિભાગની એવી બેદરકારીને લઈ પોતે લાચાર બની પરિસ્થિતિને અનુકુળ પોતાની ફરજ મુજબ શાળાનુ સંચાલન કરી રહ્યા છે.

આચાર્ય નર્મળાબેન પટેલના જણાવ્યાનુસાર શાળા માટે જગ્યા મળી ગઈ હોવાનુ જાણવા મળેલ છે. સર્વશિક્ષા અભિયાનમાંથી મંજુરી મળ્યા બાદ શાળાને નવા ઓરડા મળશે. મહિસાગર જિલ્લા શિક્ષણાધિકારી આરતસિંહ બારીયાના જણાવ્યા અનુસાર મને ખબર નથી હું આ બાબતે જોવડાવી લઉં છુ જે કંઈ હશે તે સોમવારે જણાવુ. જયારે કડાણા તાલુકા શિક્ષણાધિકારી કોકીલાબેન પજાપતિના જણાવ્યાનુસાર આચાર્ય સાથે વાતુ કરી શુ સ્થિતિ છે તે જાણી ફોન લાગે તો પછી જે હશે તે કહીશ.

# સંતરામપુર પાદેડી ગામે પુલની નીચેની ત્યજી દેવાયેલ એક માસનું બાળક મળી આવ્યું



સંતરામપુર,
સંતરામપુર તાલુકાના પાદેડી ગામે ભમેટા નદી પૂલની નીચે ચાદરની અંદર બાળકને લપેટીલું મળી આવેલું હતું. આ ગામની અંદર સવારના વહેલા આ જગ્યાએથી પસાર થતાં અચાનક બાળકને રડવાનો અવાજ આવતા ગ્રામજનોની જાણ થતા અને બાળક કઈ જગ્યાએ રડે છે. તેની તપાસ કરતા નદીની નીચે બાળક મળી આવેલું હતું. આ અંગેની ૧૦૮ની જાણ કરવામાં આવેલી હતી. કોઈકે પોતાનું પાપ છુપાવવા માટે કોમલ જેવા બાળકને બિન લાવારીસ મુકીને જતું રહ્યું હતું. ૧૦૮ મારફતે સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં સોંપવામાં આવેલું હતું. બાળકને સ્ટેટ હોસ્પિટલમાં અત્યારે રાખવામાં આવેલું છે અને સંતરામપુર પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવામાં આવેલી હતી. સંતરામપુર પોલીસી તેનું વર્ણન કરીને ચારે બાજુની આ ઘટનાની તપાસનો દોર શરૂકરેલો હતો. ફૂલ જેવા બાળકને આ રીતે મૂકી દેવાથી ગામના લોકોમાં પણ અજંપો જોવાઈ ગયો હતો. ગ્રામજનોમાં ચર્ચા રહ્યું હતું. ૧૦૮ના કર્મચારી સતિષભાઈ દરજી અને અશોકભાઈ વાગડિયા તાત્કાલિક બાળકને સારવાર કાપીને સ્ટેટ હોસ્પિટલમાં પહોંચાડ્યું હતું અને આ બાબતની ખબર પડી જાય સ્ટેટ હોસ્પિટલમાં અને પોલીસ સ્ટેશનમાં બાળકને દત્તક લેવા માટે સંખ્યાબંધ માતાઓને પરિવારો દોડી આવ્યા હતા.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**તારીખ ૧૬/૦૩/૨૦૨૨ માં સંતરામપુર તાલુકાના સબ સેન્ટર રાણીજીની પાદેડીના આરોગ્ય કર્મચારી ચુનુસભાઈ M.P.H.W. તથા CHO, જુનેદભાઈ દ્વારા સરકાર શ્રીજીના નિયમ અનુસાર૧૨ થી ૧૪ વર્ષના શાળા જતા બાળકોને કોરબીવેક્સ વેકસીનેશન કરી તેમને નિષ્ઠાપૂર્વક કામગીરી કરેલ છે.**


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

**મહીસાગર જિલ્લામાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના જન્મદિવસ નિમિત્તે આદરણીય જિલ્લા પ્રમુખ દશરથભાઈ બારીયાના માર્ગદર્શન અને સૂચના થી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા. જેના ભાગરૂપે સવારે ગરીબ બાળકોને પિચકારી તેમજ ધાણી વેચવામાં આવી. આ પ્રસંગે લુણાવાડા શહેર ભાજપ પ્રમુખ મનુભાઈ પટેલ, પંચમહાલ જિલ્લા યુવા ભાજપના પૂર્વ પ્રમુખ પ્રોફેસર હર્ષ દવે, તેમજ બીઈંગ હ્યુમન ગ્રુપના સભ્યો હાજર રહ્યાં. આ સાથે લુણાવાડા સિવિલ હોસ્પિટલ ખાતે ફ્રૂટ વિતરણ કરાયું. જેમાં શહેર ભાજપ પ્રમુખ મનુભાઈ પટેલ, નગર પાલિકા પ્રમુખ, પંચમહાલ જિલ્લા યુવા ભાજપ પૂર્વ પ્રમુખ પ્રોફેસર હર્ષ દવે, જિલ્લા ભાજપ પૂર્વ મહામંત્રી મુળજીભાઈ રાણા, ડોક્ટર કિર્તિ પટેલ, મહામંત્રી મિહિર શાહ, કોર્પોરેટર ચિંતન પટેલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં. તેમજ દેગમડા મહીસાગર માતાજીના મંદિરમાં ગરીબ બાળકોને મહીસાગર જિલ્લાના પ્રમુખ દશરથભાઈ બારીયા દ્વારા ભોજનનું આયોજન કરાયું. આ શુભ કાર્યમાં પંચમહાલ જિલ્લા યુવા ભાજપ પૂર્વ પ્રમુખ પ્રોફેસર હર્ષ દવે, મહીસાગર જિલ્લા ભાજપ પ્રમુખના અંગત મદદનીશ સુરેશ ગિરિ પણ જોડાયા.**

# બોર્ડની પરીક્ષા માટે લીમડીમાં કેન્દ્ર ફાળવવા માંગ

ફતેપુરા,
આગામી તા.૨૮ માર્ચથી બોર્ડની પરીક્ષામાં દાહોદ જિલ્લાના ધો–૧૦ના ૩૬,૨૧૦ તેમજ ધો–૧૨ના સામાન્ય પ્રવાહના ૧૫,૦૬૦ તેમજ વિજ્ઞાન પ્રવાહના ૨૬૬૭ વિદ્યાર્થીઓ મળી કુલ ૫૩,૯૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે.

વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા માટે દાહોદ જિલ્લામાં માત્ર દાહોદ અને લીમખેડા બે કેન્દ્રની ફાળવણી થાય છે. ફતેપુરા સંજેલી અને ઝાલોદ તાલુકામાં અભ્યાસ કરતા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને દાહોદ અથવા લીમખેડા સુધી લાંબા થવુ પડે છે. જેમાં સમય અને નાણાં બંનેનો વ્યય થાય છે. ફતેપુરાના ગઢડાથી દાહોદ ૭૫ કિ.મી.સંજેલીના માંડલીથી ૬૦ કિ.મી.તેમજ ઝાલોદના ગરાડુથી દાહોદ ૪૫ કિ.મી.દુર પડે છે. બપોરના સમયે સાંજના ૬.૩૦ પરીક્ષા પુર્ણ થાય છે. જેનાથી છેવાડાના ગામડામાંથી પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ઘરે પહોંચતા મોડુ થાય છે. આદિવાસી વિસ્તાર હોવાથી રાત્રે વાહનવ્યવસ્થા પણ અપુરતી હોય છે. જેથી ઝાલોદ તાલુકાના લીમડીમાં પરીક્ષા કેન્દ્ર ફાળવવા માટે શિક્ષણવિદ અને જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્ર સોની દ્વારા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી છે.

# આપની આજ.......

મેષ : કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે. તમને શાસન સત્તાનો ટેકો મળશે અને ભવિષ્યમાં તમને તેમનો સારો લાભ મળશે.

વૃષભ : આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

મિથુન : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો આજે અપાયેલા પૈસા પાછા આવવાની સંભાવના ઓછી રહેશે.

કર્ક : અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઈઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

સિંહ : જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે. વ્યવસાયની દિશામાં કરવામાં આવેલા સકારાત્મક પરિવર્તનથી તમને સફળતા મળશે

કન્યા : તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

તુલા : લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે.

વૃશ્ચિક : વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે. જરૂરી કાર્યો પૂરા કરવા માટે અન્યનો સહકાર લેવામાં તમે સફળ થશો.

ધન : વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઈચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે.

મકર : તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે. સાસરિયાઓની તરફેણમાં કોઈની સાથે મતભેદ થઈ શકે છે

કુંભ : ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

મીન : ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઈફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે. તમારા ભાઈની આર્થિક સ્થિતિ મજબૂત રહેવાથી તમે ખુશ થશો અને તમારો ભાર પણ ઓછો થશે.

## હોળી ભારતમાં જ નહીં વિદેશમાં પણ ઉજવાય છે

# સુરીનામ, ગુયાના, ટ્રિનીદાદ, યુનાઈટેડ કિંગડમ અને નેપાળમાં ભારે લોકચાહના ધરાવતો હિન્દુ ધાર્મિક તહેવાર હોળી



હોળીનો પર્વ ભારતમાં જ નહીં પરંતુ વિદેશોમાં પણ ઉજવાય છે. ભારતમાં હોળી ઉજવાય છે આ પર્વની પાછળ એક દંતકથા સમાયેલી છે હિરણ્યકશ્યપને બ્રહ્માજીનું વરદાન હતું કે તે 'દિવસે કે રાત્રે, ઘરની અંદર કે બહાર, ભુમિ પર કે આકાશમાં, માનવ દ્વારા કે પ્રાણી દ્વારા, અસ્ત્ર કે શસ્ત્ર દ્વારા કોઈપણથી તેનું મૃત્યુ થશે નહીં', આ વરદાનને કારણે તે લગભગ અમર બની ગયો કે તેને મારવો તે લગભગ અસંભવ થઈ ગયું. આથી તે અભિમાની અને અત્યાચારી બની ગયો, તથા સ્વર્ગ અને પૃથ્વી પર બધેજ હાહાકાર મચાવી દીધો. તેમણે ઈશ્વરને પૂજવાનું પણ બંધ કરાવ્યું અને પોતાની પૂજા કરાવવાનું શરૂ કર્યું.

આ દરમિયાન, હિરણ્યકશ્યપનો પોતાનો દિકરો, પ્રહલાદ, જે ભગવાન વિષ્ણુનો ભક્ત હતો. તેને કંઈ કેટલાં પ્રલોભનો તથા ડર બતાવી તેમણે ઈશ્વર ભક્તિથી દુર કરવાના પ્રયત્નો કર્યા પરંતુ પ્રહલાદ અડગ રહ્યો અને પોતાની ભક્તિ ચાલુ રાખી. તેણે પ્રહલાદને મારવા માટે પણ ઘણા ઉપાય કર્યા, પરંતુ ઈશ્વરકૃપાથી તે દરેક નિષ્ફળ રહ્યા. અંતે પ્રહલાદને મારવાનાં ઉદ્દેશથી હિરણ્યકશ્યપે પ્રહલાદને, પોતાની બહેન હોલિકાના ખોળામાં બેસી, અગ્નિપરિક્ષા આપવાનો આદેશ આપ્યો. હોલિકા કે જેની પાસે એક એવી ઓઢણી હતી કે જે તેને ધારણ કરવાથી અગ્નિ પણ બાળી શકે નહીં. પ્રહલાદે પિતાની આજ્ઞાનું પાલન કર્યું અને વિષ્ણુને પોતાનો જીવ બચાવવા માટે પ્રાથના કરી. અંતે જ્યારે અગ્નિ પ્રગટાવવામાં આવ્યો ત્યારે પેલી ઓઢણી હોલિકાનાં માથા પરથી ઉડી અને પ્રહલાદને વીંટાઈ ગઈ, આથી હોલીકા અગ્નિમાં બળીને ભસ્મ થઈ અને પ્રહલાદ હેમખેમ બહાર આવ્યો. આમ હોળીકાનું દહન થયું તે ઘટના હોળી ઉત્સવનું કારણ બની.

આ તહેવારનો પ્રથમ દિવસ હોળી અને બીજો દિવસ ધુળેટી તરીકે ઓળખાય છે. હોળી ફાગણ માસની પુનમનાં દિવસે મનાવવામાં આવે છે. આ દિવસે સાંજે ગામનાં પાદર કે મુખ્ય ચોક જેવા સ્થાન પર છાણા, લાકડાં ની 'હોળી' ખડકવામાં આવે છે. ત્યાર બાદ બધાં લોકો ત્યાં વાજતે ગાજતે ઢોલ,શરણાઈઓ વગાડી એકઠા થાય છે અને હોળી પ્રગટાવવામાં આવે છે. લોકો તેની પ્રદક્ષિણા કરે છે તેમજ શ્રીફળ વગેરે પવિત્ર મનાતી વસ્તુઓથી તેમનું પૂજન કરે છે. જો કે ભારતમાં વિવિધ પ્રાંતો અને સમુદાયોમાં હોળીની અલગ અલગ રીતોથી ઉજવણી કરવામાં આવે છે. પરંતુ દરેકની હોળી ધૂળેટીના તહેવારની ભાવના એક જ હોય છે કે હોળી પ્રગટાવી અને આસુરી તત્વોનો નાશ કરવો અને દૈવી શક્તિઓનું સન્માન કરવું. હિંદુ ધર્મમાં આને લગતી "હોળીકા અને પ્રહલાદ"ની કથા બહુ જાણીતી છે.

હોળી શિયાળાનો અંત અને વસંત ઋતુની શરૂઆતમાં આવે છે. પોલન એલર્જીને કારણે ઘણા બધા લોકોને ઉધરસ, છીંક, આંખમાં બળતરા વગેરેનો સામનો કરવો પડે છે. ખાસ કરીને વસંત ઋતુ દરમિયાન આ એલર્જીનું લેવલ ખૂબ ઊંચું હોય છે. તેથી એમાં વિશિષ્ટ વાનગીઓ જેમ કે ખજૂર, ધાણી, શેકેલા ચણા વગેરે શરીરને અંદરથી ગરમ રાખવા માટે અને એલર્જીની તીવ્રતા ઓછી થાય તે માટે આરોગવામાં આવે છે.

ખજૂર: આયર્નસભર અને એનર્જીનો સારો સૉર્સ છે. ખાસ કરીને જ્યારે ઉપવાસ હોય ત્યારે એનર્જી લેવલ જાળવી રાખવામાં ખજૂર મદદરૂપ થાય છે. ખજૂરની કિંમત તમામ વર્ગને પરવડે તેવી હોય છે.

જુવારની ધાણી: જુવારની ધાણીમાં એન્ટિઓક્સિડન્ટની માત્રા વધુ રહેલી છે. જુવારની ધાણી ઘણી રીતે ઘઉં કરતાં પણ સુપીરિયર છે. જુવારની ધાણીના ન્યુટ્રિશિયનની વાત કરવામાં આવે તો, જેમને ડાયાબિટીસ હોય અને જેમનું કોલેસ્ટ્રોલ લેવલ એલિવેટ થતું હોય તેમના માટે જુવારની ધાણી સર્વશ્રેષ્ઠ છે. ખાસ કરીને સ્પ્રિંગમાં જે લોકોને ખાંસીની સમસ્યા થતી હોય ત્યારે જુવારની ધાણીના સેવનથી શરીરમાં કફનું લેવલ કંટ્રોલ કરવામાં મદદ મળે છે.

ચણાઃ ખેતરોમાં ચણાના પાકને આસો મહિના દરમિયાન વાવી દેવામાં આવે છે. હોળીનો તહેવાર આવે ત્યાં સુધીમાં તે પાકીને તૈયાર થઈ જાય છે. ચણા શરીરમાં થતી કફની ચીકાશને દૂર કરવામાં મદદરૂપ છે. આયુર્વેદની દ્રષ્ટિએ શેકેલા ચણા કફ, વાયુ અને થાકને દૂર કરે છે. કફ જામી ગયો હોય, શરદીમાં ભરાય ગયા હોય ત્યારે શેકેલા ચણા ખાવાથી કફ આંતરડા વાટે પચીને શરીરની બહાર નીકળી જાય છે. કફને કારણે મ્હોંનો સ્વાદ બગડી ગયો હોય, ભૂખ ન લાગતી હોય ત્યારે પણ ચણામાં સિંધવ, મરી, લીંબુ ઉમેરીને ખાઈ શકો છો. ચણા કેલ્શિયમ, પોટેશિયમ અને મેગ્નેશિયમનો સારો સૉર્સ છે. મેંગેનીઝ, ફોલેટ અને પ્રોટીન, કોપર, ફોસ્ફરસ અને આયર્નનો શ્રેષ્ઠ સૉર્સ હોવાને કારણે, ગોળ સાથે ચણા હોળીના દિવસે ઉપવાસ દરમિયાન ખાવાની વિશેષ સલાહ આપવામાં આવે છે.

# હોળી ધૂળેટીમાં રસાયણયુક્ત રંગોથી દૂર રહેવું હિતાવહ છે

આપણાં હિન્દુ સમાજમાં જાતજાતના અને ભાતભાતના તહેવારો ઉજવવામાં આવે છે, તેમાં હોળી મુખ્ય તહેવાર છે. આમ તો હોળીએ રાજસ્થાની તથા આદિવાસી પ્રજાનો બહુ મોટો અને પ્રિય તહેવાર ગણાય છે. છતાં આજે ગુજરાતમાં નાના ગામડાઓથી લઈને મોટા મહાનગરોમાં પણ સમગ્ર જ્ઞાતિના પ્રજાજનો હોળીનો તહેવાર ખુબ આનંદ પ્રમોદથી અને મોજથી ઉજવે છે. વાસ્તવમાં તો હોળી એ વસંત ઋતુને વધામણી આપવા એના માનાર્થે રંગેચંગે ઉજવવામાં આવે છે. હોળીનું પર્વ આમ તો રંગપંચમી સુધી ચાલે છે, પરંતુ શરૂઆતના બે દિવસો બહુ અગત્યના ગણાય છે. હોળીના દિવસે લાકડાં તથા છાણાં ગોઠવીને હોળી તૈયાર કરવામાં આવે છે. અને સાંજે વિધિવત હોળીનું પૂજન કરીને હોળી પ્રગટાવવામાં આવે છે અને લોકો હોળી ફરતે પ્રદક્ષિણા કરતાં જાય છે અને હોળીમાં ધાણી, ચણા, કાચી કેરી, શ્રીફળ વિગેરેનો હોમ કરી હોળીમાતાના દર્શન કરી આશીર્વાદ મેળવે છે. હોળીના દિવસે લોકોમાં ધાણી, ચણા અને ખજૂર ખાવાનો મહિમા છે.

હોળીના બીજા દિવસને ધૂળેટી તરીકે ઓળખવામાં આવે છે. ધૂળેટીના દિવસે લોકો વૈમનસ્ય ભુલી એકબીજા ઉપર અબીલ, ગુલાલ, કેસૂડો જેવા રંગો છાંટીને મોજમજા અને ધૂમધામ કરે છે. અગાઉના જમાનામાં માત્ર કેસૂડો અને અબીલ ગુલાલથી જ હોળી રમવામાં આવતી હતી, જ્યારે આજે ધૂળેટીનું સ્થાન સિન્થેટિક તેમજ ઓઈલ પેઈન્ટ કલરે લઈ લીધું છે. આના લીધે ન કેવળ દિવસો સુધી કલર જતો નથી પરંતુ તેની આડઅસર પણ બહોળા પ્રમાણમાં જોવા મળે છે. આવા કલર કોઈની આંખમાં કે કાનમાં જાય તો આંખ ગુમાવવાનો કે શ્રવણશક્તિ હણાઈ જવાનો ભય રહે છે. ઘણાં વ્યક્તિઓને ગડગૂમડ કે ખસ ખુજલી તથા ખંજવાળ જેવા રોગો પણ દિવસો સુધી સતાવ્યા કરે છે. માટે દરેક ખેલૈયાઓએ આવા કલરથી દૂર રહેવું જરૂરી છે.

ધૂળેટી રમવાના બહાને આજકાલ મહિલાઓ સાથે અણછાજતી છૂટછાટ, અશ્લીલ મજાક કે છેડતીના બનાવો પણ વધવા લાગ્યા છે, માટે મહિલાઓએ ધૂળેટી રમવાથી અલિપ્ત રહેવું હિતાવહ છે. ધુળેટીના દિવસે ઘણાં લોકો ભાંગ, ગાંજો કે મદિરાપાન કરીને છાકટા બને છે અને ઉધમાત મચાવે છે. આમ જે પર્વ સાત્વિકતાથી ઉજવવુ જોઈએ એની જગ્યાએ બીભત્સતા ધારણ કરી લે છે. આમ સામાજિક તહેવાર એક પ્રકારનું સામાજિક દૂષણ બની જાય છે. સિક્કાની બે બાજુ હોય છે એ ન્યાયે તમારે તહેવાર કઈ રીતે મનાવવો એ તમારા ઉપર આધાર રાખે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં હોળીના પર્વએ શ્રમજીવી આદિવાસી પરિવાર પરત ફરતા બજારોમાં ભારે ભીડ જોવા મળી

દાહોદ,

દિવાળી તો અટે કટે પણ હોળી તો ઘરે જ ની કહેવત પ્રમાણે દાહોદ જિલ્લાના આદિવાસી ભાઈઓ-બહેનો જે મજુરી કામ અર્થે પરપ્રાંતમાં ગયા હતા. જેઓ હવે દાહોદ જિલ્લામાં હોળીનો તહેવાર મનાવવા પરત ફરી રહ્યા છે. શહેરના બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન ખાતેની બસો તેમજ ટ્રેનોમાં આ સમાજના લોકોની ભારે ભીડ જાવા મળી હતી. પોતાની સાથે ઘરવખરીનો સામાન સહિત ખાણીપીણીની ચીજા સાથે જાવા મળ્યા હતા. આદિવાસી સમાજમાં હોળીનું અનેરૂ જ મહત્વ હોય છે. પરિવાર, સમાજ સાથે હળીમળીને આ તહેવાર ભારે રંગેચંગે ઉજવતા હોય છે.



દાહોદ જિલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે અને તેમાંય જિલ્લામાં આદિવાસી સમાજનું પ્રભુત્વ કંઈક અલગ જ છે. સામાન્ય રીતે દિવાળી જેવા તહેવારોમાં પણ આ સમાજ દિવાળીની ધામધુમ પુર્વક ઉજવણી તો કરે જ છે, પરંતુ આદિવાસી સમાજમાં સૌથી મોટો તહેવાર ગણતો હોય તો તે હોળીનો તહેવાર છે. દાહોદ જિલ્લામાં અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારના લોકો ખેતી પર ર્નિભર રહેતા હોય છે. ખેતીમાં પણ પોતાનું પેટીયું ન રણાતા આખરે આવા પરિવારો પરપ્રાંતમાં મજુરી કામ અર્થે નીકળી જતા હોય છે. આમેય દાહોદ જિલ્લામાં રોજગારીના અભાવે પણ આવા પરિવારોનો મોભીયો, વડીલો પરિવારજનો સાથે દાહોદ જિલ્લા બહાર રોજગારીની શોધમાં જતા રહે છે અને જ્યારે હોળી જેવા પોતાનો તહેવાર આવતા અને વતનની યાદ આવતા પરિવારજનો સાથે હોળીની ઉજવણી કરવા દાહોદ તરફ દોડી આવતા હોય છે. હોળીના તહેવારમાં આદિવાસી સમાજ દ્વારા પોતાના પરિવાર, સમાજ સાથે હળીમળીને હોળીની ધામધુમ પુર્વક ઉજવણી કરે છે. ઘણા પરિવારોમાં તો પરિવારનો મોભી પોતાના સંતાનો તેમજ પત્નિને વતન મુકી મજુરી માટે દાહોદ બહાર જતો રહે છે અને તહેવાર સમયે પરિવારની યાદ આવતા વતન તરફ ખેંચાય છે. હાલ દાહોદ શહેર સહિત જિલ્લામાં આદિવાસી સમાજનો ઘસારો ખુબ જ જાવા મળી છે. શહેરના બસ સ્ટેશનો તેમજ રેલ્વે સ્ટેશન ખાતે ભારે ભીડ ઉમટી પડે છે. આમાય ખાનગી વાહન ચાલકોને તો જાણે ઘી-કેળા સમાજ દિવસો જઈ રહ્યા છે. એક ગામથી બીજે ગામ જવા માટે એક ફોર વ્હીલર વાહનમાં ખીચોખીચ પેસેન્જરો ભરી પસાર થતાં હોય છે. પોતાની સાથે ખાણી, પીણીનો સર સામાન સાથે આદિવાસી સમાજના લોકો હાલ માદરે વતન પહોંચી રહ્યા છે. ત્યારે હાલ દાહોદ શહેર સહિત જિલ્લાના બજારોમાં ઘરાકી ધીમે ધીમે વધવા માંડી છે. બજારોમાં કપડા, ચંપલ, કરિયાણા વિગેરે જેવી દુકાનોમાં ઘરાકી થવા લાગી છે. ત્યારે આવા વેપારીઓ દ્વારા સીઝનો ફુલ માલનો સ્ટોક પણ ભરી દેવામાં આવ્યો છે. આમેય દાહોદ જિલ્લાના બજારો પણ આદિવાસી સમાજના લોકોના કારણે ર્નિભર રહેતુ હોય છે અને તેમાંય હોળી જેવા તહેવારો અને હોળી બાદ લગ્નગાળાના સમય હોવાથી બજારોમાં ભીડ જાવા મળશે અને જેને કારણે બજારોમાં તેજી આવશે.

દિવાળી તો અટે કટે પણ હોળી તો ઘરે જ એ ન્યાયે હોળીના ગણતરીના દિવસો બાકી છે. ત્યારે જિલ્લામાંથી પોતાનું ઘર,જમીન, ખેતીવાડી છોડી જિલ્લાની બહાર મજુરી કામે ગયેલા આદિવાસી ભાઈ-બહેનો હોળીનો તહેવાર મનાવવા પરત પોતાના વતન માદરે આવતા દાહોદ શહેરના રેલ્વે સ્ટેશન તેમજ બસ સ્ટેશનમાં ભારે ભીડ જાવા મળી હતી. રેલ્વે સ્ટેશન તેમજ બસ સ્ટેશન પરથી વાહનો મારફતે પોતાના ઘરે જતા અને સાથે ખાણીપીણીનો સામાન, કપડાં લત્તા વિગેરે લઈ પરત પોતાના ઘરે આવી રહ્યા છે. માનવામાં આવે છે કે, હોળીનો તહેવાર આદિવાસી સમાજનો મોટામાં મોટા તહેવાર હોય ધામધુમથી મનાવવામાં આવે છે.

## દાહોદ જિલ્લામાં ૧૨ થી ૧૪ વર્ષના બાળકોને કોરોના રસીકરણનો પ્રારંભ

દાહોદ,

રાજ્યમાં ૧૨ થી ૧૪ વર્ષના બાળકોને કોરોના રસીકરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ત્યારે દાહોદ જિલ્લામાં પણ આ ઉંમરના બાળકોને વેક્સિન આપવાની શરૂઆત કરવામાં આવી છે. જિલ્લામાં ૧.૪૦ લાખ જેટલા ૧૨ થી ૧૪ વર્ષના ઉંમરના બાળકોને વેક્સિન આપવામાં આવશે. કોરોના રસીકરણના પ્રથમ દિવસે બાળકોએ વેક્સિન લેવા માટે ઉત્સાહ દર્શાવ્યો છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

કોરોનાની ત્રીજી લહેર શમી રહી છે. તેનું મહત્વનું કારણ કોરોનાની વેક્સિન છે. જિલ્લામાં આજથી ૧૨ થી ૧૪ વર્ષના બાળકોને કોરોના સામે રક્ષણ માટે કોર્બેવેક્સ વેક્સીન અપાઈ રહી છે. સ્વદેશી કોર્બેવેક્સ વેક્સિનના પ્રથમ ડોઝના રસીકરણ બાદ ૨૮ દિવસના અંતરાલ પછી બીજો ડોઝ લેવાનો રહે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ખૂબ જ ટૂંકા ગાળામાં દેશના વૈજ્ઞાનિકોએ સ્વદેશી વેક્સિન બનાવી તેમાં પણ બાળકો માટે ગણતરીના મહિનાઓમાં વેક્સિન ઉપલબ્ધ કરાવી છે.

જિલ્લામાં ૧.૪૦ લાખ જેટલા બાળકોને તબક્કાવાર વેક્સિન આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે મુજબ દરેક શાળામાં આરોગ્યની ટીમ દ્વારા વેક્સિન આપવામાં આવશે. આજના પ્રથમ દિવસે શાળાઓમાં આરોગ્યની ટીમ દ્વારા કોરોનાની વેક્સિન અપાઈ રહી છે ત્યારે બાળકોએ ખાસ્સો ઉત્સાહ દર્શાવ્યો છે.

દાહોદ નગરની બુરહાની શાળા ખાતે આરોગ્યની ટીમ દ્વારા ૧૨ થી ૧૪ વર્ષના બાળકો માટે વેક્સિન કેમ્પ લગાવાયો છે. જ્યાં બપોર સુધીમાં જ ૮૯ થી વધુ બાળકોએ વેક્સિન લઇ લીધી છે. અહીં અભ્યાસ કરતી ૧૨ વર્ષની ઝહેરા રાનાપુર જણાવે છે કે, હું સાતમા ધોરણમાં અભ્યાસ કરૂં છું અને આજે મેં શાળામાં વેક્સિન લીધી છે. આ વેક્સિન લીધા પછી મને સારૂલાગી રહ્યું છે. સરકારે અમારા વયજુથમાં વેક્સિન આપવાની શરૂઆત કરીને અમને કોરોનાના ડરથી મુક્ત કર્યા છે.

## દે.બારીયા તાલુકામાં બે અલગ-અલગ માર્ગ અકસ્માતના બનાવમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાં વાહન ચાલકોની ગફલતને કારણે બે જુદી જુદી જગ્યાએ સર્જાયેલા માર્ગ અકસ્માતના બે બનાવોમાં બે વ્યક્તિઓના મોત નિપજયાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દેવગઢ બારિયા તાલુકાના જુના બારિયા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૧૪મી માર્ચના રોજ એક ઈકો ફોર વીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાયકલ લઈને પસાર થઈ રહેલ ૨૮ વર્ષીય રાજુભાઈ રમેશભાઈ નાયક રહેવાસી કાલીયા કુવા નિશાળ ફળિયું તાલુકો દેવગઢ બારીયા જિલ્લો દાહોદને અડફેટમાં લેતા રાજુભાઈ મોટરસાઈકલ પરથી જમીન પર ફંગોળાયા હતા. જેને પગલે તેઓને શરીરે તે માટે માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે ઈકો ફોર વીલર ગાડીના ચાલક અકસ્માત સર્જી નાસી જતા આ સંબંધે કાલીયા કુવા નિશાળ ફળિયા દેવગઢ બારીયા તાલુકામાં રહેતા રમેશ ભાઈ રણછોડભાઈ નાયકએ દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દેવગઢ બારિયા તાલુકાના સાગારામા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૧૧ મી માર્ચના રોજ એક ફોર વીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલ ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાયકલ લઈને પસાર થઈ રહેલ ૨૨ વર્ષીય તરૂણકુમાર ભચલાભાઈ પટેલ રહેવાસી મેઘામુવાડી કલાલ ફળિયા તાલુકો દેવગઢ બારીયા જીલો દાહોદને અડફેટમાં લેતાં તરૂણકુમાર મોટર સાયકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાતા તરૂણકુમારને હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને તાત્કાલીક નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા. ત્યાં તરૂણકુમારનું સારવાર દરમિયાન મોત નીપજતાં આ સંબંધે મેઘામુવાડી કલાલ ફળિયા તાલુકો દેવગઢ બારીયા ખાતે રહેતા ચીમનભાઈ દલાભાઈ પટેલે દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં હોળી-ધુળેટીના તહેવારને લઈ કાયદો અને વ્યવસ્થા ભાગરૂપે પેટ્રોલીંગ શરૂ

દાહોદ,

દાહોદ જિલ્લામાં હોળી, ધુળેટીના તહેવારને અનુલક્ષીને દાહોદ જિલ્લા પોલીસ દ્વારા તહેવાર નિમિત્તે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સઘન પેટ્રોલીંગ તેમજ કામગીરી હાથ ધરી નાસતા ફરતાં આરોપીઓ અને વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે દેવગઢ બારીઆ અને લીમખેડા પોલીસે છેલ્લા બે વર્ષથી પ્રોહીબીશનમાં નાસતા ફરતાં બે આરોપીઓને ઝડપી પાડી જેલ ભેગા કર્યાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા દાહોદ જિલ્લા પોલીસ વડા હિતેષ જોયસરની સુચના અને માર્ગદર્શન હેઠળ હાલ દાહોદ જિલ્લાની તમામ પોલીસ સઘન કોમ્બીંગ તેમજ ચેકીંગ હાથ ધરી રહી છે. ત્યારે ગતરોજ દેવગઢ બારીઆ પોલીસ અને લીમખેડા પોલીસને મળેલ બાતમીના આધારે પ્રોહીબીશનના ગુન્હામાં નાસતા ફરતાં બે આરોપીઓને પોલીસે તેઓના આશ્રય સ્થાને ઝડપી પાડી સફળતા મેળવેલ છે. સમગ્ર મામલે પોલીસે પોલીસે આરોપીઓને અટકાયત કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળી રહ્યું છે. ત્યારે બીજી તરફ દાહોદ જિલ્લામાં છેલ્લા નાસતા ફરતાં આરોપીને ઝડપી પાડવીની કામગીરીમાં આવનાર દિવસોમાં કેટલાં આરોપીઓને પોલીસ ઝડપી પાડશે તે જોવાનું રહ્યું.

## વિદ્યાર્થીઓને પરીક્ષા પહેલાના ૧૦ દિવસની મહેનતનું મહત્વ સમજાવતા નરેન્દ્ર સોની



દાહોદ,

ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ નજીક આવી રહી છે. ત્યારે વિદ્યાર્થીઓમાં પરીક્ષાને લઈ ક્યાંક ચિંતા, અચંબો અને ક્યાંક ઉત્સાહ જોવા મળી રહયો છે. ત્યારે આજે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને ધી ન્યુ એચીવર પ્રિ-સાયન્સ સ્કૂલ, લીમડીમાં શુભેચ્છા પાઠવવાનો તેમજ પરીક્ષા અંગે માર્ગદર્શન આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા ભાજપના મહામંત્રી તેમાં શાળાના સંચાલક પ્રખર શિક્ષણવિદ એવા નરેન્દ્રભાઈ સોની ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પરીક્ષાના દિવસો દરમિયાન ધ્યાનમાં રાખવાની બાબતો અને પરીક્ષાના દસ દિવસ પહેલાં કઈ બાબતોનું ધ્યાન રાખવું તે અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા. વિદ્યાર્થીઓને કુમ કુમ તિલક કરી મો મીઠું કરાવી બોલપેનો ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## દેવગઢબારિયામાં બાળકોએ મનાવી સંગીતમય તિલક હોળી



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દાહોદ,

દેવગઢ બારિયા નગરપાલિકા દ્વારા બાલમંદિર થી ધોરણ ૪ સુધીના શાળાઓના બાળકો માટે મહારાજા જયદિપસિંહ ઉદ્યાનમાં સંગીતમય તિલક હોળીનું આયોજન કરાયું હતું. જેમાં બાળકોએ ઓર્ગેનિક કલર વડે એકબીજાને રંગીને તિલક હોળીની ઉજવણી કરી હતી. આજ રોજ સવારે મહારાજા જયદિપસિંહ ઉદ્યાન ખાતે બાલમંદિર, રોઝ બડ સ્કૂલ, ઈરા સ્કૂલ, બચપન સ્કૂલ, જી સ્કૂલ સહિતની શાળાઓના બાળકો તેમના શિક્ષકો સાથે મોટી સંખ્યામાં તિલક હોળી માટે એકઠાં થયા હતા. તેઓને નગરપાલિકા પ્રમુખ ડો.ચાર્મી સોનીએ હોળીનું મહત્વ વિષે માર્ગદર્શન આપ્યું હતું. ત્યાર પછી પાલિકા પ્રમુખે બાળકોને રંગ છાંટીને તિલક હોળીનો શુભારંભ કરાવ્યો હતો. બાળકોએ ઓર્ગેનિક કલર વડે એકબીજાને રંગવા અને રંગાવા માટે દોડાદોડી કરી મૂકી હતી. રંગોની છોળો વચ્ચે ડીજેના તાલે નાચગાન કરતાં બાળકો એકદમ ખુશખુશાલ જોવા મળ્યાં હતા. તિલક હોળી ટાણે આહાર સંસ્થા દ્વારા બાળકોને ધાણી-ખજૂરનું વિતરણ કરાયું હતું. આ રંગોત્સવમાં નગરપાલિકાના ચીફ ઓફિસર વિજયભાઈ ઇટાલિયા, કારોબારી અધ્યક્ષ સજ્જનબા ગોહિલ, કાઉન્સિલર અંબાબેન મોહનીયા, શબાનાબેન મકરાણી, ઈકબાલભાઈ પટેલ, નગરપાલિકા સ્ટાફ અનુરાજસિંહ પુવાર, બ્રિજેશભાઈ પટેલ, કાર્તિકભાઈ સિસોદિયા, વિકીભાઈ પંડ્યા, અશોકભાઈ ચૌહાણ સહિત નગરજનો હાજર રહ્યાં હતા.

## દાહોદ તાલુકાના રાબડાલ ૧૩૨ KV સબસ્ટેશનમાં લાગી આગ

## સબ સ્ટેશન ખાતે આગ લાગતા MGVCLના કર્મચારીઓમાં દોડધામ મચી

દાહોદ,

દાહોદ તાલુકાના રાબડાલ ખાતે આવેલા ૧૩૨ કે.વી. સબ સ્ટેશનમાં અગમ્ય કારણોસર આગ ફાટી નીકળતા એમજીવીસીએલ કંપનીને અંદાજે હજારો રૂપિયાનું નુકસાન પહોંચ્યું હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળે છે.



પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ તાલુકાના રાબડાલ ખાતે આવેલા મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ ના ૧૩૨ કે.વી. સબસ્ટેશનના યાર્ડમાં એકાએક આગ ફાટી નીકળી હતી. જેમાં સબ સ્ટેશનનાયાર્ડમાં મુકેલા સ્કેબમાં પડેલા ટ્રાન્સફોર્મર, તેમજ કેબલોમાં આગના હવાલે થતાં એમજીવીસીએલના કર્મચારીઓ તેમજ અધિકારીઓ તાબડતોડ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આ આગના બનાવની જાણ દાહોદ અગ્નિશામક દળને કરાતા અગ્નિશામક દળના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી આગ પર પાણીનો મારો ચલાવી આગને ઓલવી મોટી હોનારત સર્જાતા બચાવી લીધી હતી. જોકે, આગના બનાવના પગલેદાહોદના મોટાભાગના વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ થઈ જતા દાહોદના શહેરીજનોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આગના બનાવના પગલે એમજીવીસીએલ કંપનીને અંદાજે લાખો રૂપિયાનું નુકશાન પહોંચ્યું હતું.

## જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ ખાસ નોંધ લે

દાહોદ,

જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ પરીક્ષા (ધોરણ ૯) આગામી તા. ૯ એપ્રીલે યોજાશે. આ જ દિવસે ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાઓ પણ યોજનારી હોય જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ પરીક્ષા માટેના કેન્દ્રો બદલવામાં આવ્યા છે. આ પરીક્ષા પાંચ પરીક્ષા કેન્દ્રો ખાતે ૧૪૬૧ જેટલા વિદ્યાર્થીઓ આપવાના હોય પ્રાચાર્ય સુમનલતા યાદવે પરીક્ષાર્થીઓને નવા પરીક્ષાકેન્દ્રોની ખાસ નોંધ લેવા જણાવ્યું છે.

જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ માટેના પાંચ પરીક્ષા કેન્દ્રોમાંથી બે કેન્દ્રોમાં કોઇ પરીવર્તન કરવામાં આવ્યું નથી. જેમાં જવાહર નવોદય વિદ્યાલય, ખરેડી અને દાહોદની ગોદી રોડ સ્થિત સેન્ટ મેરી સ્કુલ ખાતેની પરીક્ષા એ જ કેન્દ્ર પર લેવાશે.

જયારે એકલવ્ય મોડલ રેસીડન્સી સ્કુલ, ખરેડી પરીક્ષા કેન્દ્રની પરીક્ષા જવાહર નવોદય વિદ્યાલય, ખરેડી ખાતે (રોલ નં. ૧૩૦૬૦૮ થી ૧૩૦૯૫૫), દાહોદની નવજીવન ગર્લ્સ હાઈસ્કુલ ખાતેની પરીક્ષા સેન્ટ મેરી સ્કુલ, ગોદી રોડ (રોલ નં. ૧૩૧૩૧૬ થી ૧૩૧૬૩૯), તેમજ દાહોદની એલઆઈસી ઓફીસ પાસે આવેલી જીપી ધાનકા સેકેન્ડરી એન્ડ હાયર સેકેન્ડરી સ્કુલની પરીક્ષા સેન્ટ મેરી સ્કુલ, ગોદી રોડ (રોલ નં. ૧૩૧૬૪૦ થી ૧૩૧૮૬૪) ખાતે યોજાશે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ તાલુકા ભાજપ દ્વારા તા.૧૬/૦૩/૨૦૨૨ સાંજે ૦૪ કલાકે ભાટીવાડા ગામે પારદેશ્વર મહાદેવ મંદીર ખાતે આત્માંનંદગીરી સ્વામીના સાંનિધ્યમા જેઓ ગુજરાત સૂરતથી પધારેલા છે. ભાજપા ગુજરાત રાજ્યના યશસ્વી પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલના જન્મ દિવસ નિમત્તે દીર્ઘાયુ આયુષ્ય માટે દાહોદ તાલુકા ભાજપ દ્વારા જળ અભિષેક, હવન કાર્યક્રમ રાખવામાં આવ્યું.

## દાહોદના રેસ્ટોરન્ટ અને હોટલ જેવા ધંધાદારીઓએ ધી કાશ્મીર ફાઈલની ટીકિટની ઓફર મૂકી

દાહોદ,

સમગ્ર દેશમાં હાલ રીલીઝ થયેલ કાશ્મીરી પંડિતો પર થયેલ અત્યાર સંબંધીની ફિલ્મ ધી કાશ્મીર ફાઈલને સમગ્ર દેશમાંથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. દેશના સમગ્ર થીએટરો હાઉસફુલ પણ જઈ રહ્યો છે. ત્યારે દાહોદ શહેરમાં ઘણા રેસ્ટોરન્ટ, હોટલ વિગેરે જેવા ધંધાકીય આલમ દ્વારા ફિલ્મની ટીકીટ લાવો, લઈ જવોની ઓફરો મુકી મફતમાં ભોજન અને નજીવા દરે ભોજન આપવાની જાહેરાતો પણ કરી રહી છે.

ધી કાશ્મીર ફાઈલ ફિલ્મ સમગ્ર દેશ સહિત દુનિયાના અન્ય દેશોમાં પણ ધુમ મચાવી રહી છે. કાશ્મીરી પંડિતો પર થયેલ વર્ષ ૧૯૯૦ની સાલ દરમ્યાન કાશ્મીરો પંડિતો પર થયેલ અત્યારો અને હત્યાની હકીકત દર્શાવતી ફિલ્મ છે. આ ફિલ્મને સમગ્ર દેશ અને અન્ય દેશોમાંથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ખુદ પ્રધાનમંત્રી મોદી દ્વારા પણ આ ફિલ્મની પ્રસંશા કરી છે અને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા આ ફિલ્મને ટેક્સ ફ્રી પણ કરી દીધી છે. ત્યારે દાહોદ શહેરમાં પણ આ ફિલ્મને લઈ લોકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે અને દાહોદ શહેરમાં પણ આ ફિલ્મને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ત્યારે દાહોદ શહેરમાં આવેલ કાયા કન્સલટન્સી દ્વારા આ ફિલ્મની વપરાયેલી ટીકીટ લઈ દર્શકોને મફતમાં પાન કાર્ડ કાઢી આપવાની જાહેરાત કરી છે. ત્યારે બીજી તરફ લીમખેડા તાલકાની હિન્દુ યુવા વાહિની દ્વારા મહત્વની જાહેરા કરી છે. જેમાં ગોધરા અને દાહોદના સીનેમા ઘરમાં ધી કાશ્મીર ફાઈ ફિલ્મ જોવા માટેનો તમામ ખર્ચ લીમખેડા તાલુકા હિન્દુ યુવા વાહિનીએ ઉઠાવ્યો છે અને ૧૫ સભ્યો થાય તો વાહનની પણ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તેવીજ રીતે દાહોદ શહેરમાં આવેલ મારૂતિ ડાયનીંગ હોલ દ્વારા વપરાયેલી ટીકીટ લાવો અને ૧ ગ્લાસ મસાલા છાસ મફતમાં આપવાની જાહેરાત કરી છે. દાહોદ શહેરમાં આવેલ હોટલ બાલાજી દ્વારા પણ જમો અને ૧ કપલ માટે (૨ નંગ) ફિલ્મની ટિકીટ ફ્રી આપવાની જાહેરાત કરી છે. આવીજ રીતે દાહોદ શહેરમાં આવેલ ઓનેસ્ટ ફાસ્ટફુડ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. જેમાં વપરાયેલી ફિલ્મની ટીકીટ લાવો અને ૧ ઈડલી અને સંભાર મફતમાં મેળવોની જાહેરાત કરી છે. આમ, અન્ય રાજ્યો અને જિલ્લાઓની માફત દાહોદ શહેરમાં પણ આ ફિલ્મને સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને વેપારીઓ, સંગઠનો દ્વારા આ ફિલ્મને લઈ અનેક જાહેરાતો પણ કરવામાં આવી રહી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.173

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## હાલોલ પાલિકા વિસ્તારના મુખ્ય માર્ગ ઉપર ઉડતી

# ધુળની ડમરીથી છુટકારો અપાવવા શહેર કોંગ્રેસ સમિતિએ નગરપાલીકાને તાળાબંધી કરી





હાલોલ, હાલોલ નગરમાં જાહેર માર્ગો ઉપર ઉડતી ધુળની ડમરી તેમજ શહેરના વિવિધ વિસ્તારોમાં ગંદકી દુર કરવાની માંગ સાથે શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પાલિકા કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કર્યુ અને ચીફ ઓફિસરને આવેદન આપવામાં આવ્યું.

હાલોલ શહેરમાં છેલ્લા કેટલાક મહિનાઓથી વિવિધ વિસ્તારોના જેવાં કે, કંજરી રોડ, વડોદરા રોડ, ગોધરા રોડ, પાવાગઢ રોડ ઉપર ગટર લાઈન માટે રસ્તાઓ ખોદવામાં આવ્યા છે. જેને લઈ ધુળની ડમરી ઉડી રહી છે. તેમાં પણ સાંજના સમયે મોટા પ્રમાણમાં માટી ઉડતી હોય છે. જેને લઈ રાહદારીઓ વાહન ચાલકો અને આ વિસ્તારમાં રહેતા રહિશોને શ્વાસ લેવામાં તકલીફ ઉભી થાય છે. તેમાં પણ રસ્તા ઉપર ઉડતી ધુળના કારણે મુખ્ય માર્ગો ઉપર આવેલ દુકાનદારોના સરસામાન ધુળવાળો થઈ જાય છે. જાહેર માર્ગો ઉપર ઉભી રહેતી ખાણી–પીણીની દુકાનો અને લારીઓની વસ્તુઓ પણ ધુળને કારણે પ્રદુષિત થાય છે. છેલ્લા ઘણા લાંબા સમયથી ભુર્ગભ ગટર લાઈનની કામગીરી બાદ જે રીતે ધુળની ડમરીએ જાણે બાનમાં લીધું હોય તેવી સ્થિતી છે. આ બાબતે હાલોલ શહેર કોંગ્રેસ સમિતી દ્વારા આજરોજ હાલોલ પાલિકા ચીફ ઓફિસરને આવેદન આપીને રજુઆત કરવામાં આવી છે કે, શહેરના વિવિધ વિસ્તારોમાં ઉડતી ધુળની ડમરીથી છુટકારો આપવા માટે સવાર–સાંજ પાણીનો છંટકાવ કરવામાં આવે. જે વિસ્તારોમાં ભુર્ગભ ગટર લાઈનની કામગીરી પુરી થયેલ છે. તે વિસ્તારોમાં નવા રસ્તા બનાવવામાં આવે. જો આ બાબતે પાલિકા તંત્ર ગંભીરતાથી પગલા નહીં લે તો આવનાર દિવસમાં કોંગ્રેસ સમિતિ દ્વારા ભુખ હડતાળ અને આંદોલનનો માર્ગ અપનાવવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

## ઘોઘંબા ના અંતરિયાળ વિસ્તારની વર્ષોથી ચાલતી ઝોઝ-વડોદરા રૂટ ની S.T. બસ બંધ કરી દેતા મુસાફરોને હાલાકી





તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા ના અંતરિયાળ વિસ્તારના ગામડાંઓમાં વર્ષો થી ચાલતી ઝોઝ–વડોદરા રૂટની એસ.ટી. બસ અચાનક બંધ કરી દેવાતાં એસ.ટી બસ ની સેવા ફરી તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

હાલનાં સમયમાં હોળી–ધુળેટી ના તહેવાર ના છેલ્લા ચાર–પાંચ દિવસો જ બાકી રહ્યા છે.ત્યારે ઘોઘંબા ના અંતરિયાળ વિસ્તારના ગામડાંઓ માં વર્ષો થી ચાલતી ઝોઝ–વડોદરા રૂટ ની નાઈટ એસ.ટી. બસ ને એસ.ટી નિગમ દ્વારા છેલ્લા પાંચ–છ દિવસ થી અચાનક બંધ કરી દેવાતાં. ઘોઘંબા પંથકના કાંટુ, માલું, ખડપા, ગોદલી, ગમાણી, ખરોડ, બોરીયા જેવાં અન્ય ગામડાં ના લોકો ને વહેલી સવારે–મોડી સાંજે આવવાં જવા માટે કોઈ બસ ના હોવાથી લોકોને જીપ, છકડા કે રીક્ષા જેવાં પ્રરાવેટ વાહન કે પોતાના વાહનો દ્વારા મુસાફરી કરવી પડે છે,તો અનેક વિસ્તારોમાં થી એસ.ટી. બસ બદલી ને અનેક મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો છે. ઘોઘંબા બસ સ્ટેન્ડ ના સમયપત્રક જોતાં આ એસ.ટી. બસ સવારે ૬:૩૦ વાગ્યે અને સાંજે ૭:૦૦ વાગ્યે ઘોઘંબા બસ સ્ટેન્ડ પર આવતી જતી હતી. જે એસ.ટી. બસ કયા કારણસર અચાનક બંધ કરવામાં આવી. તે અંગે એસ.ટી. વિભાગ દ્વારા કોઈ જાણકારી આપવામાં આવી નથી. ત્યારે આ વિસ્તારના સ્થાનિક લોકો ની જાણકારી મુજબ આ ઝોઝ–વડોદરા રૂટ ની એસ.ટી. બસ સેવા ફરી તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં આવે તો આ વિસ્તાર ના બધાં ગામોને ખૂબ રાહત અને સલામતી મળી શકે છે. ઘણાં મુસાફરોનો પ્રરાવેટ વાહનોનો ખર્ચ બચી શકે છે. જ્યારે આ વિસ્તારમાં સમય પ્રમાણે એસ.ટી. બસ ની ફરી તાત્કાલિક સેવા આપવામાં આવે તો આ વિસ્તાર માં આવેલાં ગામોના બાળકોને સ્કૂલ, કોલેજ સુધી પહોંચવામાં પણ સમયસર ઉપયોગ થઇ શકે જ્યારે નોકરિયાત કે અન્યકામકાજ કરતાં લોકો પણ સમયસર પહોંચી શકે છે. જેથી આ ઝોઝ–વડોદરા રૂટ ની એસ.ટી. બસ ની સેવા ફરી વહેલી તકે તાત્કાલિક ચાલુ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ગોધરાના રાયસીંગપુરા પ્રાથમિક શાળાના શિક્ષકે રાજ્યકક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલમાં ભાગ લીધો



ગોધરા, ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ, જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર દ્વારા ઈડર ખાતે તાજેતરમાં જ રાજ્યકક્ષાનો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ કાર્યક્રમ સંપન્ન થયો. ઈનોવેશન ફેસ્ટિવલમાં પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના રાયસીંગપુરા પ્રાથમિક શાળાના શિક્ષક ઈનોવેટીવ મહેન્દ્રકુમાર ડાહ્યાભાઈ પરમારે પણ પોતાનું ઈનોવેશન'એકમના સરળીકરણ માટે વીડિયો અને ટેલિફોન દ્વારા એકમની પૂર્વભૂમિકા તેમજ એકમ સબંધી વિશેષ શિક્ષણ ભાગ–૨ રજૂ કરી પંચમહાલ જિલ્લાનું રાજ્યકક્ષાએ નામ રોશન કર્યું હતું.

આ ઈનોવેશનમાં જે તે એકમના લેખક કે કવિની એકમ સંદર્ભે વિડીઓ મુલાકાત બાળકો સમક્ષ સાક્ષાત રજુ કરીને શિક્ષણ કાર્યને સરળ બનાવવાની વાત મુખ્ય સ્થાને હતી. ત્યારે તેના અમલીકરણ બાદ તેની ફલશ્રુતિ ખૂબ સારી જોઈ શકાતી હતી. રાજ્યના સ્તરે મુકાયેલી આ કૃતિ મુલાકાતી શિક્ષકોમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. સમગ્ર રાજ્યના ૧૫૮ જેટલા ઈનોવેટિવ શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાં પંચમહાલ જિલ્લામાંથી સર્વ મહેન્દ્રકુમાર ડી પરમાર (રાયસિંગપુરા– ગોધરા) સહિત પ્રવીણસિંહ ઝાલા (પાંચ પાથરા– ઘોઘંબા), હેત્તલબેન ઉપાદયાય (વાઢી– મોરવા હડફ), ઈન્દ્રવદન એન. પરમાર( ઉ. બુ. વિદ્યાલય ડેમલી– શહેરા) રોનકકુમાર એ. મકવાણા (નારાયણ હાઈસ્કૂલ તરખંડા–હાલોલ) શિક્ષકોએ ભાગ લઈ પોતાનું શિક્ષણ ક્ષેત્રનું સંશોધન રજૂ કર્યું હતું.

હાલના સમયની માંગ મુજબ રાજ્ય શિક્ષણ વિભાગના સચિવ વિનોદ રાવ દ્વારા શિક્ષણ જગતમાં અનેક પરિવર્તનો આવી રહ્યા છે. ત્યારે તાજેતરમાં સાબરકાઠાં જિલ્લાના ઈડરના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા આયોજિત ફેસ્ટિવલમાં ઈનોવેટિવ શિક્ષકો દ્વારા થતા નવા ચાર પ્રયોગોને સચિવ વિનોદ રાવે હાજર રહીને બિરદાવ્યાં હતા.

આ ફેસ્ટિવલમાં મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. ફેસ્ટિવલમાં શાળાનું શિક્ષણ માત્ર વર્ગખંડ પૂરતું જ સિમિત ન રહે પરંતુ મૂલ્યવર્ધિત જ્ઞાન અપાય તે જરૂરી છે અને તે રીતે બાળકોમાં ગુણાત્મક શિક્ષણ અપાય જેથી જ્ઞાનની સીમાઓનો વિસ્તાર થાય તે હેતુ મુખ્ય હતો. આ ઈનોવેશન ફેસ્ટિવલમાં જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરના નિયામક ડો.પ્રફુલભાઈ જલુ, જી.સી.ઈ.આર.ટી.ના રીડર ડો. સંજય ત્રિવેદી, જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ઈડરના પ્રાચાર્ય ડો. કે.ટી. પોરાણીયા વગેરેએ ઈનોવેટરોને પ્રોત્સાહિત કરી આ ક્ષેત્રે વધુ પ્રગતિ કરવા અનુરોધ કર્યો હતો. અહીં ઈડર ડાયટના ઈનોવેટીવ અધ્યાપક નિષાદ ઓઝા સહિત તમામ પ્રોફેસરો, વિવિધ જિલ્લાના ડીઆઈ સીઓ, કેઆર પીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ડાયરા સહિત અનેક ઈવેંન્ટ શિક્ષકો દ્વારા રાત્રે રજૂ કરવામાં આવી હતી. પંચમહાલના સૌ ઈનોવેટરોને રાજ્યમાં સુંદર દેખાવ કરવા બદલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ ગોધરાના ડીઆઈસી બી.એમ. સોલંકી સહિત ડાયટ પરિવાર અને જિલ્લાના શિક્ષકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## ગોઠડા ટીમ્બારોડ પગાર કેન્દ્ર પ્રાથમિક શાળા ખાતે શાળાનો ૧૦૮મો સ્થાપના દિન ખૂબ જ ઉત્સાહભેર સંવાદી વાતાવરણમાં સંપન્ન થયો



ગોધરા, કાર્યક્રમમાં S.M.C. અદયક્ષ તથા સમિતિના સભ્યો, ગ્રામજનો, વડીલો આમંત્રિત વિદ્યાર્થીઓના વાલીઓ હાજર રહ્યા. કાર્યક્રમનું અદયક્ષસ્થાન ગોધરા તાલુકા દંડક ગૌરાંગભાઈ પટેલએ શોભાવ્યું. ગામના યુવા મહિલા સરપંચ તેમજ ડેપ્યુટી સરપંચ તથા અન્ય પંચાયત સદસ્યો સહિત હાજર રહ્યા હતા. કાર્યક્રમ ૧૧.૦૦કલાકે શરૂ થયો. શાળાના તમામ ધોરણના કુલ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નાના બાળકોએ પણ કાર્યક્રમમાં ભાગ લઈ સૌને આશ્ચર્યમાં મૂકી દીધા. ધો–૮ ની વિદ્યાર્થીએ ઈલાબેને શાળાના ૧૦૭ વર્ષ જુનાં ઈતિહાસની યાદગાર પળો ને યાદ કરી સૌને ભૂતકાળમાં લઈ ગઈ હતી. શાળાએ આજદિન સુધી જે સફળતા પ્રાપ્ત કરી છે. તેનું વર્ણન સંભળાવ્યું. સૌનું પુષ્પગુચ્છ તેમજ શાબ્દિક શબ્દોથી અભિવાદન કરવામાં આવ્યું. શાળા પરીવારે ઉત્સાહભેર સૌને હદય પૂર્વક વધાવ્યા એક પછી એક તમામ ધોરણના બાળકોએ કરેલ તૈયારીની રજુઆત થઈ.

કાર્યક્રમને ભેટ પણ પ્રાપ્ત થઈ. બ્રિટિશ સરકારથી શરૂ થયેલી શાળાની સફર આજે પણ શાનદાર રીતે અભ્યાસ સહિત વિવિધ સ્પર્ધાઓ, હરીફાઈઓ, વિજ્ઞાનમેળો, NMMS ની પરીક્ષા, નવોદય જેવી તમામ પ્રવૃત્તિમાં ભાગ લઈ સફળતા મેળવેલ છે. તેની યશગાથા ગાવામાં આવી. બધાએ આનંદ પૂર્વક આખો કાર્યક્રમ નિહાળ્યો અંતે તિથિભોજન મેળવ્યુંને કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો. ગ્રામજનોનું વારંવાર આવા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવા જોઈએ. તેવું સુચન સ્વીકારવું રહ્યું. શાળાના આચાર્ય આલોક પાંડેએ તેમજ શાળાના સ્ટાફે તમામનો આભાર માન્યો. સરકારની સૂચના અનુસાર રંગારંગ કાર્યક્રમ સંવાદી વાતાવરણમાં સંપન્ન થયો.

## ગોધરા શહેરા ભાગોળ રેલ્વે ફાટક ખોરકાતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા : લોકો તાપમાં પરેશાન થયા



ગોધરા, ગોધરા શહેરા ભાગોળ રેલ્વે ફાટક ખોરકાતા ફાટકની બન્ને તરફ વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. રેલ્વે વિભાગ દ્વારા ફાટકના રીપેરીંગ કામ શરૂ કરાયું હતું. નગરજનો માંગ કરી રહ્યા છે કે, રેલ્વે અંડર પાસની કામગીરી વહેલી શરૂ કરીને ફાટકની સમસયાથી કાયમી છુટકારો અપાવે તે જરૂરી છે.

ગોધરા શહેરા ભાગોળ રેલ્વે ફાટક આજરોજ બપોરના સમયે ખોરકાતા ફાટકની બન્ને તરફ ટ્રાફિક જામના દ્દશ્યો સર્જાયા હતા. બપોરના સમયે કાળઝાળ ગરમી વચ્ચે બન્ને તરફ વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. શહેરા ભાગોળ રેલ્વે ફાટકનું રીપેરીંગ કામ રેલ્વે વિભાગની ટીમ કામે લાગી હતી. હોળીના તહેવારને લઈ ખરીદી માટે ભારે ભીડ વચ્ચે ફાટક ખોરકાતા લોકો હેરાન પરેશાન થયા હતા. શહેરા ભાગોળની વર્ષો જુની ફાટકની સમસ્યાના નિવારણ અને કાયમી ઉકેલ માટે ૧૨.૩૩ કરોડના ખર્ચે રેલ્વે અંડર પાસ મંજુર કરવામાં આવ્યો છે અને રાજ્યના માર્ગ–મકાન મંત્રીના હસ્તે ખાતમુહર્ત કરવામાં આવ્યું છે. તેમ છતાં હજી રેલ્વે અંડર પાસની કામગીરી શરૂ કરાઈ નથી. ત્યારે આજરોજ સર્જાયેલ ફાટક ખોરકાવાની સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે વેળાસર અંડર પાસની કામગીરી શરૂ કરવામાં આવે તેવી માંગ નગરજનોમાં ઉઠવા પામી છે.

## પંચમહાલ જીલ્લા ખેલ મહાકુંભ સ્કેટિંગ સ્પર્ધાઓમાં વી.એમ. ઇંગ્લિશ મિડીયમ સ્કૂલના વિધાર્થીઓએ ડંકો વગાડ્યો



હાલોલ, હાલોલ ખાતે આવેલી ઈંગલીશ મિડીયમ સ્કૂલના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ સ્કેટિંગ સ્પર્ધામા તમામ કેટેગરીના નંબર પ્રાપ્ત કર્યા અગીયાર વર્ષની નીચેની છોકરીઓએ ૫૦૦ મીટરની સ્પર્ધામા હીરલબેન પટેલ પ્રથમ સ્થાને દ્રિતિય નંબરે પટેલ ફલક તૃતીય સ્થાને નેન્સીબેન દરજી અને ચોથા સ્થાને પટેલ સાન્વીબેન બીજા તબક્કામાં ૧૪ વર્ષની નીચે છોકરીઓમાં ૫૦૦ મીટરની સ્પર્ધા દરમિયાન ફલક શાહ પ્રથમ દ્વિતીય પટેલ યશસ્વી અને તૃતીય સ્થાને ગાંધી ધ્વની અને ત્રીજા રાઉન્ડ સ્પર્ધા દરમિયાન સંતર વર્ષની વય મર્યાદામાં પ્રથમ સ્પર્ધક ગોહિલ માહી ચોથા રાઉન્ડ સ્પર્ધા દરમિયાન ચૌદ વર્ષની નીચેની છોકરીઓની એક હજાર મીટરની સ્પર્ધા દરમિયાન પ્રથમ સ્પર્ધક રાણા દીયા તથા દ્રિતિય સ્થાને ભજી વર્સિણી તૃતીય સ્થાને ચૌહાણ વિધીષા અને પાંચમા રાઉન્ડ સ્પર્ધકમાં અગીયાર વર્ષની નીચેના છોકરાઓની સ્પર્ધા દરમિયાન ૫૦૦ મીટરની સ્પર્ધા દરમિયાન પ્રથમ સ્પર્ધક પટેલ હેમ તથા દ્રિતિય સ્પર્ધક શેખ ગુલામ તથા છઠ્ઠા રાઉન્ડ સ્પર્ધા દરમિયાન ૧૪ વર્ષ ની નીચેની વય મર્યાદા મુજબ ૫૦૦ મીટર ની સ્પર્ધક લીમ્બાની જય તથા દ્રિતિય સ્થાને પરિખ નિષિત તથા નવમાં રાઉન્ડ સ્પર્ધક પરીખ કશ્યપ તથા સેવક તપશ્ય આમ અલગ અલગ કેટેગરીમાં વિજય સ્થાન મેળવી હાલોલ વી.એમ ઇંગ્લિશ મિડીયમ સ્કૂલના વિદ્યાર્થીઓને શિક્ષક સ્ટાફ દ્વારા તમામને શુભેચછાઓ પાઠવી હતી. પંચમહાલ જીલ્લામાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા યોજાયેલ ખેલ મહાકુંભ સ્કેટિંગ સ્પર્ધાએ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આઈકોનીક ઈન્વેસ્ટિગેશન ખાતે હાલોલ તાલુકાના વિદ્યાથીઓએ હાલોલનું ગૌરવ પ્રદાન કરવા બદલ શિક્ષકોએ આભાર વ્યક્ત કર્યો હતો.

### તપાસનો ધમધમાટ થતાં નવો કીમિયો શોધયો


## સમશૂલ પઠાણે રાત્રે કેમિકલના ટ્રેક્ટરો મંગાવી ભઠ્ઠીમાં નંખાવ્યા

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના વાડીનાથમાં શ્રીજી નામનો ઈંટોનો ભઠ્ઠો ચલાવતો કેમિકલ માફિયા સમશૂલ પઠાણ ઉપર તપાસનો રેલો આવતાં દિવસના બદલે રાત્રિના સમયે કેમિકલ વેસ્ટ મંગાવી રાતોરાત ભઠ્ઠામાં નંખાવી ઈમાનદારીનો ઢોંગ કરતા સમશૂલના ભઠ્ઠા માંથી નીકળતો ધુમાડો તેની પોલ ખોલી નાખે છે.

ગ્રામજનો દ્વારા મળેલી માહિતી મુજબ ગત મોડી રાત્રિએ કેમિકલ વેસ્ટ ભરેલું ટ્રેક્ટર આવતા મજૂરો દ્વારા તાત્કાલિક ટ્રેક્ટર માંથી આ વેસ્ટ સીધું ભઠ્ઠામાં નંખાવી દીધું હતું. જેથી અધિકારીઓ કે ગ્રામજનોને આની ખબર ન પડે પરંતુ ભઠ્ઠા ઉપર બાંધવામાં આવેલી ગેરકાયદેસર ચીમની માંથી આરોગ્યને નુકશાન કરતો કાળો ધુમાડો તેની બધી પોલ ખોલી નાખે છે. ત્યારે તંત્ર દ્વારા ચીમની માંથી નીકળેલ ધુમાડાની કાળાશ આજુબાજુના ખેતરોમાં તથા ચીમનીમાં ચોંટેલી હોય છે. જો તેના નમૂના લઈ તપાસ કરવામાં આવે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જાય.

ઘોઘંબાના વાડીનાથમાં શ્રીજી ઈંટોનો ભઠ્ઠો ચલાવતો ઈસમ ઈંટો પકવવા માટે કેમીકલ થી પકવતા હોય તો અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ તપાસનો દોર શરૂ થતાં ભઠ્ઠાનો માલિકા સમશુલ પઠાણ હવે રાત્રીના સમયે જીઆઈડીસી માંથી કેમીકલ વેસ્ટ લાઈને ભઠ્ઠામાં ઠલાવી રહ્યો છે.

## હાલોલ બાયપાસ રોડ BAPS સ્વામીનારાયણ મંદિર ખાતે શાકોત્સવનું આયોજન કરાયું



હાલોલ, ઉત્સવ પ્રિય : ખલુ માનવા એ જનમાનસના મર્મજ્ઞ ભગવાન સ્વામિનારાયણે વારંવાર ઉત્સવ ઉજવીને મુમુક્ષોને વિશેષ ધર્માભિમુખ ક્ર્યા છે. લોયા ગામમાં ભગવાન સ્વામિનારાયણે જાતે ૧૮ મણ ઘીનો વધાર કરી, ૬૦ મણ રીંગણનું શાક બનાવી ભક્તોને જાતે પીરસીને જમાડેલા એ ઉત્સવની સ્મૃતિ પ.પૂ.મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી હાલોલ ગોધરા બાયપાસ રોડ પર આવેલ BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે શાકોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. આ ઉત્સવમાં હાલોલ નગરના તેમજ આજુબાજુના ભક્તો તેમજ મહાનુભાવો પધાર્યા હતા. આ ઉત્સવ સાથે સાથે કીર્તન ભક્તિનું આયોજન પણ ક્રવામાં આવ્યું હતું. જેમાં સંતો તેમજ યુવકો દ્વારા સંગીતમય ભક્તિ રજુકરવામાં આવી હતી. આ અવસરે BAPS સ્વામિનારાયણ મંદિર, ગોધરાના કોઠારી સ્વામી પૂ.બ્રહ્મજીવન સ્વામી પધાર્યા હતા. તેમજ આ સમગ્ર કાર્યક્રમનું આયોજન વિસ્તારના સંત નિર્દેશક પૂ. વર્ણીરાજ સ્વામી તેમજ હાલોલ સત્સંગ મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગોધરા તાલુકાના ગઢ ચુંદડી ગામે બાઈક ન આપવાની બાબતે ઘાસ સળગાવી મુકતા ફરિયાદ

ગોધરા, ગોધરા તાલુકાના ગઢ ચુંદડી તળાવ ફળીયામાં રહેતા આરોપી ઈસમે મોટર સાયકલ નહી આપવાની અદાવત રાખીને ઘરને અડીને બનાવેલ અટારીમાં મુકેલ ઘાસને સળગાવીને નુકશાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ગઢ ચુંદડી તળાવ ફળીયામાં રહેતા ગુલાબભાઈ પટેલ એ પોતાની બાઈક પ્રવિણ પટેલને આપી ન હતી. જેની અદાવત રાખીને ઘર પાસે અટારીને મુકેલ ઘાસને માચીસ થી સળગાવી દેતા ઘરની છત અને ઢાળીયાનો ભાગ સળગી જતાં ૧૦ હજાર રૂપીયાનું નુકશાન થવા પામ્યું હતું. જ્યારે આરોપીઓ જાથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.